**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**
છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૫૦/– આજીવન ૫૦૦/–
વિદેશમાં વાર્ષિક રૂા. ૫૦૦/ (વિમાનથી) આજીવન ૫૦૦૦/–

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧. ફોન : **૨૫૬૫૮૧૧,૨૫૭૨૫૦૨**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો :** ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રીગોરધનભાઈ કલોલા (કલ્યાણ) અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર-૧

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજના ` ક ` ગીતા ` મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવ ું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ–ડૉ.બી.જે.જાગાણી, ૨૪–નાલંદા ટેનામેન્ટ, હિલડ્રાઈવ, ભાવનગર(ફોન-૨૪૭૧૨૩૦)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- આગલા મહિનાના અંત સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તે પછીના મહિનાની તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"

# c અનુક્રમણિકા c


| | | |
|---|---|---|
| સદ્ભાવભરી અભિનંદનીય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| આત્મિક સાધના | યોગેશ્વરજી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૬ |
| Van Vishram 2009 | Puja | ૧૦ |
| સ્વર્ગારોહણમાં પૂ.માની સંનિધિમાં– પૂ. શ્રી માના જન્મદિનની ઉજવણી | નારાયણ હ. જાની | ૧૬ |
| બાલ સત્કર્મ પર્વ | નારાયણ હ. જાની | ૨૩ |
| મુક્તિની મહેફિલ | મા સર્વેશ્વરી | ૨૮ |
| A Drop Of Amrut | Gargi | ૩૮ |
| બાળયાત્રા(૧) | વિનોદિનીબહેન પટેલ | ૪૧ |
| My Experiences with MAA | Swati Patel | ૪૬ |
| પૂ. માની નિત્યનોંધ | મા સર્વેશ્વરી | ૫૩ |
| વિદેશની ધરતી પર પૂ. માની યાત્રા | મા સર્વેશ્વરી | ૫૭ |
| જ્ઞાન અને વ્યવહાર | યોગેશ્વરજી | ૬૩ |


**r ભક્તિસુધા r**

શુચિ ગિરા ક્યારે થશે? કરી પ્રભુગુણનું ગાન;
મનમાં પ્રભુગુણગાનનું, કદા લાગશે તાન? ૭૦
અન્ય બોલવું નવ ગમે, બોલું તો પ્રભુવાત;
કદા તાન એ લાગશે? જેથી રૈશ રળીઆત. ૭૧
ગિરા અન્ય બકવું ત્યજી, ગાશે પ્રભુનાં ગીત;
કદા દિવસ એ આવશે? થશે વાણીપર જિત. ૭૨

**(મહારાજશ્રીનથુરામશર્માજી)**

## સદ્‌ભાવભરી અભિનંદનીય સહાય

કેનેડાના ટોરન્ટો શહેરમાં ૧૯૮૧ થી શ્રી યોગેશ્વર ધ્યાનકેન્દ્રની જ્યોત્ ભક્તદંપતી શ્રી સુરેશભાઇ શાહ, શ્રીમતી વિમળાબેન શાહે પ્રગટાવી છે. આજે તો તે દિનપ્રતિદિન વધુ ને વધુ પ્રકાશિત થઈ રહી છે.

અતિનિયમિત સત્સંગ, અતિનિયમિત આરતી અને કેન્દ્રના સૌ સભ્યોની નિયમિત હાજરી અને પોતાના આંગણે સત્સંગ રાખીને અપાતી ભેટ અને વિશેષ દિવસોમાં આવતી ભેટ. બધું જ નોંધપાત્ર છે.

એ કેન્દ્રના સર્વ ભાઇબેનોની શુભેચ્છાનો શ્રી-લક્ષ્મીજીનો પ્રસાદ અધ્યાત્મને પણ પ્રાપ્ત થયો છે, તેનો આનંદ છે.

આ માસના અધ્યાત્મનો સંપૂર્ણ પ્રકાશન ખર્ચ એ ધન્યવાદ, હે ધ્યાનકેન્દ્ર, ધન્યવાદ કેન્દ્રના સૌ ભાઇબેનોને, ધન્યવાદ હે ભક્તદંપતી સુરેશભાઇ શાહ અને વિમળાબેન શાહને.

સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટનું આ પ્રકાશન જીવન-ભર આપ સૌના હાથમાં સુરક્ષિત રહો એ જ પ્રાર્થના.

—મા સર્વેશ્વરી



# આત્મિક સાધના

**યોગેશ્વરજી**

આત્મિક વિકાસની સાધનાનું આલંબન લેનારે ત્રણ મહત્ત્વના મુદ્દાઓને ધ્યાનમાં રાખવાના છે. એ મુદ્દાઓ પ્રત્યે ઉપનિષદ્‌માં વર્ષો પહેલાં અંગુલિ નિર્દેશ કરવામાં આવ્યો છે. પરંતુ આત્મિક વિકાસની સાધના કાંઇ કેવળ ઉપનિષદ્ યુગ પુરતી જ મર્યાદિત નથી હોતી. તે તો દેશ અને કાળથી પર હોઇ, પ્રત્યેક યુગમાં એક સરખી આવશ્યક અથવા આશીર્વાદરૂપ હોય છે. માટે જ શાસ્ત્રોની, તત્ત્વજ્ઞાન કે સાધના વિષયક વાણી આજે પણ એટલી જ અસરકારક સાબિત થાય છે અને ભવિષ્યમાં પણ સાબિત થશે.

ઉપનિષદ્‌ની એ વાણી આરંભના અને આગળ વધી ચૂકેલા સઘળા સાધકોને માટે પ્રેરણાની સનાતન સામગ્રીરૂપ છે. એટલે તેનો વિચાર આવકારદાયક છે. એમાં કહેવામાં આવ્યું છે કે જે સાધના અથવા આત્મિક વિકાસના અભ્યાસક્રમનું આલંબન લેવામાં આવે તે સાધના અથવા અભ્યાસક્રમનું સાંગોપાંગ જ્ઞાન અભ્યાસીને હોવું જોઇએ. સૌથી પહેલાં તો સાધના શાને માટે કરવામાં આવે છે તે તેનો નિશ્ચય કરી લેવો જોઇએ. પોતાની જાતને પ્રશ્ન પૂછવો જોઇએ કે જે સાધના કરવામાં આવે છે તે કાંઇ લૌકિક કે પરલૌકિક હેતુની સિદ્ધિ કે સુખોપભોગને માટે તો નથી? જે સાધના કરવામાં આવે તે સાધના કોઇ લૌકિક રાગદ્વેષ, વાસના, સ્વાર્થવૃત્તિ કે અહંતાથી પ્રેરાઇને ના થાય તેનું ખાસ ધ્યાન રાખવું જોઇએ. તેની પાછળનો હેતુ એક માત્ર આત્મવિકાસનો હોવો જોઇએ. એ ઉપરાંત સાધના શાને માટે કરવાની છે, એની મારફત શું મેળવવાનું છે, એનો એટલે કે પોતાના પ્રાપ્તવ્ય, ગંતવ્યસ્થાન, ધ્યેય કે આદર્શનો સ્પષ્ટ ખ્યાલ હશે તો સાધક એ ધ્યેયની પ્રાપ્તિ થતાં લાગી છેવટ સુધી પોતાની સફર ચાલુ રાખશે. કોઇયે પ્રકારના પ્રલોભનમાં પડીને કે ભયસ્થાનમાં અટવાયને અધવચ્ચે નહિ અટકી પડે. તથા કોઇ જાતની ભ્રાંતિનો શિકાર પણ નહિ બને.

સાધ્યની સ્પષ્ટતા એકવાર થઇ ગઇ એટલે પછી એની પ્રાપ્તિ માટેનાં સાધનોનો નિર્ણય પણ કરી લેવો જોઇએ. સાધકના મનમાં એ

વિશે પણ કોઇ પ્રકારની અસ્પષ્ટતાને અવકાશ ના રહે એ આવશ્યક છે.

એ બધી વિચારણાને સંક્ષેપમાં કહેવી હોય તો એમ કહી શકાય કે જે સાધના કરવામાં આવે તે સાધના સમજપૂર્વક, એની પૂરતી માહિતી સાથે, કરાવી જોઇએ.

સાધનાના અનુષ્ઠાનમાં બીજી આવશ્યક વસ્તુ—શ્રદ્ધા છે. એ શ્રદ્ધા પોતાની અંદર હોવી જોઇએ. ગુરુમાં હોવી જોઇએ,—ઈશ્વરમાં હોવી જોઇએ, અને પોતાના પસંદ કરેલા અભ્યાસક્રમમાં હોવી જોઇએ. એવી ચતુર્વિધ શ્રદ્ધા ના પ્રકટે ત્યાંસુધી સાધનાની સિદ્ધિ આકાશ કુસુમવત્—અશક્ય જ બની રહે છે. શ્રદ્ધા વગરની સાધના પ્રાણવાન નથી બની શકતી, અને ધારેલું પરિણામ પણ પેદા નથી કરી શકતી.

સાધના સંબંધી સ્પષ્ટ સમજ હોય, અને સાધના માટે ઉપર કહી તેવી જરૂરી ચતુર્વિધ શ્રદ્ધા પણ હોય, પરંતુ ભક્તિ ના હોય, એને માટે સર્વસમર્પણ કરવાની અદમ્ય ઇચ્છાશક્તિ,—ફના થઇ જવાની વૃત્તિ, કે પ્રબળ પુરુષાર્થ ના હોય તો સાધના ભાગ્યેજ સફળ થઇ શકે. સાધના સંબંધી સ્પષ્ટ માર્ગદર્શન મેળવીને તથા શ્રદ્ધા પેદા કરીને એની સંસિદ્ધિના પ્રયાસમાં લગનપૂર્વક લાગી જવું જોઇએ. જેમણે પણ સિદ્ધિ મેળવી છે, એમણે એવા એકધારા ઉત્સાહયુક્ત હિંમતપૂર્વકના પ્રયાસથી જ મેળવી છે. એટલા માટે એનો અનાદર કર્યે નહિ ચાલે.

આત્મિક વિકાસની સાધનામાં કે વ્યવહારિક કર્મની સિદ્ધિમાં બંનેમાં, સમજ, શ્રદ્ધા તથા પુરુષાર્થના એવા ત્રિવિધ સંયુક્ત સાધનની આવશ્યક્તા છે. એનેજ લક્ષ્યમાં રાખીને ઉપનિષદ્કારે પહેલું સુંદર વાક્ય કહી બતાવ્યું છે કે यदेव विद्यया करोति श्रद्धायोपनिषदया तदेव वीर्यतरं भवति। એટલે કે જ્ઞાનપૂર્વક, શ્રદ્ધા—સહિત પુરુષાર્થી થઇને કરવામાં આવે છે તે જ વીર્યવાન કે સફળ બને છે. એ ત્રિવિધ સાધના સંપન્ન સાધક જ સફળ બને છે. આત્મિક સાધનાની વાતને બાજુએ રાખીને વિચારીએ તો પણ, જીવનના કોઇપણ ક્ષેત્રમાં સફળતાપૂર્વક સુચારુરૂપે આગળ વધવા, એને સફળ બનાવવા માટે કે સાધનાની એટલી જ આવશ્યક્તા છે. એટલે કે જે કાર્ય—કરવામાં આવે તે જ્ઞાન અથવા સમજપૂર્વક, આત્મવિશ્વાસથી અને પોતાની સંપૂર્ણ શક્તિને કામે લગાડીને સમર્પણ—ભાવથી કરવાની આવશ્યક્તા છે. એવી રીતે કાર્ય કરવાથી કાર્યસિદ્ધિ દૂર નથી રહેતી.




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

**વર્ષ : ૩૨ ડીસેમ્બર—૨૦૦૯ અંક ૩**


# શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**રવિવાર તા. ૧૪—૨—૮૨**

**સ્થળ : ૫૫, અરૂણોદય સોસાયટી, અલ્કાપૂરી, વડોદરા**

રાત્રે પૂ.શ્રી પોતાની ૧૦૦ માળા કરી લે છે. જેથી સવારે સ્નાન બાદ સીધો જ વ્યાયામ માટે સમય આપી દે છે. વ્યાયામ બાદ દરરોજની જેમ માથામાં તેલ ઘસીને લેખનકાર્ય માટે પલંગ ઉપર બેસી જાય છે. લેખન કાર્યમાં તુલસીદાસ કવિ તરીકે ક્યાં ક્યાં લોકરંજનમાં પડી જાય છે. તેની પણ પૂ.શ્રી ઘણીવાર સર્વેશ્વરી સાથે વાતો કરે છે. આજે પણ એ અંગે વાતો થઇ.

સાડા અગિયાર વાગ્યે દૂધભાત ભોજનમાં લીધા. બાર વાગ્યે મુંબઇથી શ્રી જે.વી. શાહનો ફોન હતો, જેથી પૂ.શ્રી મુંબઇના પ્રવચન અંગે વાતો કરે છે.

આજે પૂ.શ્રીના વરસો જૂના પરિચિત શ્રી ઈશ્વરભાઇ

પ્રજાપતિ પણ મળવા આવ્યા છે. તેમનો પરિચય પૂ.શ્રી મુલાકાતીઓને કરાવે છે. આજે રવિવાર છે. જેથી મુલાકાતીઓની સંખ્યા વિશેષ છે. સૌ પ્રણામ કરીને બેઠા છે. પૂ.શ્રી કહે છે કોઈને કંઇ પૂછવું હોય તો પૂછો.

એટલે શ્રી વિજયભાઈ પૂ.શ્રીને કહે છે. આ એક ભાઈ જેમણે આપનું એક જ પુસ્તક વાંચ્યું છે. પ્રવચનો પ્રથમવાર સાંભળે છે. એમનાથી એક ગીત લખાયું છે. તે વાંચી સંભળાવે?

પૂ.શ્રી :—વાંચો.

જેથી તે ભાઈ પોતે પૂ.શ્રીના પ્રવચનથી પ્રભાવીત થઈને એક રચના લખી છે તે ગાઈ સંભળાવે છે.

પૂ.શ્રીએ સાંભળી ને કહ્યું : પ્રથમવાર જ લખાયું છે છતાં સારું છે. ધ્યાન જપ કરતા રહેવું જેથી એવું વિશેષ લખી શકાય.

શ્રી વિજયભાઈએ દિવ્ય શરીરને અતિમનસ અંગે પ્રશ્ન પૂછ્યો. પૂ.શ્રીએ તેમને સમજ આપી.

પ્રશ્ન :—ભગવદ્સત્તાનું સતત સ્મરણ કે ધ્યાન નથી રહેતું!

પૂ.શ્રી :—અભ્યાસ વધારો. વ્યવહારમાં વિક્ષેપો નડે. મનને સમજાવો. મનને સાક્ષીભાવ તરીકે જોડો. તમે નાટક જોવા જાઓ તો પ્રેક્ષક બનીને જાઓ છો. પણ ત્યાં બેઠા પછી કલાકારની અભિનયકળાથી મુગ્ધ બની તમે તે તે પ્રસંગોની લાગણીમાં એક થઈ જાઓ છો ને! તેમ ભગવદ્ભાવનું પણ થાય.

પ્રશ્ન :—મનને એકાગ્ર કરવાનો શો ઉપાય!

પૂ.શ્રી :—નામ જપ, ધ્યાન. કોઈ નામ ઉપર, કોઈ રૂપ ઉપર, શરીરના કોઈ અંગ પ્રત્યંગ પર લગાડવું. એકાગ્રતા માટે વધારે બેસવું.



પ્રશ્ન :—એકાગ્રતાથી માનસિક ને શારીરિક આફતો દૂર થાય!

પૂ.શ્રી :—માનસિક આફત દૂર થાય. શારીરિક ન થાય. તે તો કર્માનુસાર ભોગવવું પડે. પણ તે શારીરિક આફતને શાંતિથી સહન કરવાની શક્તિ મળશે.

પ્રશ્ન :—તો પછી આવનાર દુઃખનું કોઈ નિવારણ ખરૂં!

પૂ.શ્રી :—હા. થઈ શકે. સત્કર્મોના અનુષ્ઠાનોથી દુઃખ હળવું થાય. કેટલીકવાર દૂર પણ થાય. પ્રારબ્ધ જો બળવાન હોય તો તેના ભોગથી જ તે હળવું બને.

સત્કર્મનું અનુષ્ઠાન છોડવું નહીં. સત્કર્મ પ્રારબ્ધને પણ થોડું સીધું કરે પણ તે સત્કર્મ જોરદાર હોવું જોઈએ.

મોટા ઘા પડવાનો હોય તે સત્કર્મના અનુષ્ઠાનથી નાનો બને, હળવો બને. સત્કર્મથી જે પ્રારબ્ધ બંધાય તે નવું હોય, જેથી તે નવા પ્રારબ્ધના બળે દુઃખ હળવું બને.

તમારે એક હજાર રૂપિયાનું દેવું છે. પણ તમને ગમે તે રીતે બે હજાર મળી ગયા તો પેલું એક હજારનું દેવું ગયું ને ઉપરથી ૧ હજાર રહે. પણ તમે પુરુષાર્થ જ ન કરો. તો એક હજારનું દેવું રહે ને તે તમારે ભોગવવું તો પડે જ. નવા સત્કર્મના પુરુષાર્થ કર્યા જ કરવા જેથી દેવાના જે પ્રારબ્ધ છે તે પૂરાય જાય.

શરીરથી, મનથી, જાગૃત્તિમાં સ્વપ્નાવસ્થામાં કેવાં બધા કર્મો થાય છે, તે તે કર્મોના ઉપભોગ સત્કર્મથી હળવા થાય.

પ્રશ્ન :—નશીબ બળવાન કે પુરુષાર્થ બળવાન?

પૂ.શ્રી :—નશીબ એ પુરુષાર્થનો જ એક ભાગ છે. જેમ જેમ પુરુષાર્થ કરો તેમ તેમ નવું પ્રારબ્ધ ઊભું થાય. વધુ બળવાન પુરુષાર્થ જ છે.

પ્રશ્ન :—ખૂબ પુરુષાર્થ કરીએ છતાં સફળ ન થવાય તો પ્રારબ્ધ જ બળવાનને?

પૂ.શ્રી :—હા. મંદિરના ૧૧૦ પગથિયાં છે. તમે ૯૦ ચઢી ગયા. ખૂબ પુરુષાર્થ કરીને થાકી ગયા. ને ત્યાંથી પાછા ૯૦ ઉતરીને નીચે આવી ગયા. પણ ૯૦ થી ૨૦ જ પગથિયાં વાંકા ચઢતાં હતાં તે તમે ન જોયાં. ને તમે એમાં સફળ ન થયા. આટલી પ્રશ્નોત્તરી બાદ પૂ.શ્રી નોંધપોથીનો એક દિવસ વાંચવાનું સર્વેશ્વરીને જણાવે છે. સર્વેશ્વરી કેનેડાથી અમેરિકા આવવાના દિવસની નોંધ વાંચે છે.

સાંજે સમયસર પ્રવચન થયું ઉતારા પર આવી આરામ.

(ક્રમશઃ)

તમે નાનામોટા દરેક કાર્યની સફળતાનો યશ પ્રભુને ધરો તો તેમાં તમારી શરણાગતિનું દર્શન સૌ કરી શકશે. સુપાત્ર જોઈને ખજાનો ખૂલે છે. —મા

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮

મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪

**દીપક સી. મહેતા**

**p કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ pp**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



# Van Vishram 2009

**Puja, U.S.A**

Realization is an amazing feeling. It does not come when asked or when provoked. It makes no reservation or booking in advance , and in the blank which asks ,"Number of nights?" it fills in forever. It is a forever feeling.

All it took was 72 hours for Maa to open my eyes to something which will never leave me. Upon arriving at Peterborough, I was asked the famous question by maa , "Why do you come to see maa?" My brother, Gopi, and Gargi had already heard this same question from Suresh kaka. I, however had never been asked this nor had I ever thought to ask myself. At that instant in Maa's room, I didn't have an answer. Starring me in my face were the most obvious reasons such as Maa's tender love and countless lessons. However, those weren't the answer I was looking for. First, being in the presence of Maa and second being surrounded by such beautiful nature, it was inevitable to stop myself from wanting to sit in the grass and just write and let the answer to Maa's question come to me. The

first thought that came to my mind was being with Maa is always such a humbling experience.

When in Swargarohan, we all have seen Maa do much to help those who are less fortunate.

However, when speaking of all the Satkarmas she has done, she never fails to give all the credit to Prabhu. Never once has anybody heard her claim, “Yes, that was me. I made that happen.” Maa’s vocabulary does not even contain the words “I” and “me.” On a similar note, I felt that I should think twice before telling my parents, “I made an A on a test.” Did I really make that A? was it not Maa and Prabhu’s krupa that guided me?

The last few times Maa has introduced me to speak at a Satsang, she has always introduced me with a prelude of my petty high school accomplishments. Every time she beings this, I immediately wish she would take the credit for those achivements. Maa has given me the ability and I have forgotten to give her the glory. When in pain, it is very easy to gaze up at the sky and ask God, “Why me God? What did I do to deserve this?” But when experiencing extreme happiness or rejoicing in good grades or a promotion, do we thank God? Is the first



thought that occurs to us to thank the person who actually made it happen? I think that if God gives you the ability to fly, it is so we fly towards him–not so that we forget to thank him.

At the Peterborough cottage, there were a lot of books that Maa had laid out for the youth and adults to read. After reading a few short stories here and there, my brother pointed out a particular book titled, “In Search of Secret India,” by Dr. Paul Brunton? This is where I found yet another aged white male who goes to india in search of Saints and other “holy people.” When reading about the great lengths this man of a completely different culture went just so he could encounter and learn from people who are spiritually higher than himself, I wondered how many people actually set out on a quest in “search” of Maa. How many of us woke up one day and said I will do whatever it takes to find a saint whose teachings I can follow? I know that I did not.

One day at Peterborough, all of the girls were having a short Satsaang on the trampoline outside. We were exchanging “Anubhaavs” or “The first time I met Maa...” when Shipraben so easily said, “well, you, Gargi, and Gopi were

born into Maa. You have known Maa your entire life." While this is technically true, I have not truly known Maa for 19 years. In fact when Maa came to the Rio Grande Vallery in October of 2008, I told her that I was really only two years old, because when I was 16 when I felt that I had my "when I first met Maa" moment. As far as "Maa" years are concerned, I am a mere toddler still playing at her feet. I am only three years old. Shipraben's comment immediately reminded me of the book I was reading. I am so extremely blessed to have Maa in my life from day one, yet I have stood, blind, to her presence, unchanged to her touch, and 16 years for me to be "born." And since then, like a mother, she has been by my side, teaching me to crawl, holding my hand as I stumble my first steps, and clearing a path for me so that I can run.

Everyone who has spent even a moment with Maa is familiar with the aura of peace which surrounds her. This feeling of utter freedom of the mind is also something which draws me back to Maa time and time again. I left San Antonio on Wednesday afternoon after completing a final exam for one of my summer classes. I was in Peterborough until Sunday because that



was the extent of my vacation between summer sessions. Although it was only a matter of three days, I realized that time with Maa is not measured by the amount of minutes or hours that I spend with her. Instend, time seems to disappear and you're greeted with a completely open mind. Exams, schedules, and appointments no longer play a role in daily priorities.

Finally, as the Satsaang ended on Saturday, Maa asked Hiteshbhai to relay to us what he took away from her diary entry. His message was simple : "Happy moments, praise God. Quiet moments, worship God. Painful moments, trust God. Every moment, thank God." On any occasion, the latest possible flight out of Toronto. This also meant I could not miss any connections or be late because that would mean I'd miss school on Monday. Umeshbhai dropped me off at the airport with plenty of time to spare. I arrived in Chicago and found my gate and double–checked to make sure I was in the right place. I had two hours to spare so as Maa had asked, I began to write about my Peterborough experience. The two hours passed rather quickly and about 15 minutes before my flight I made my way to the boarding en-

trance and noticed it was rather empty. I asked the woman at the desk if the flight to San Antonio was departing from this gate. Much to my dismay, she said no, not only had the gate been

changed, but the entire terminal had been changed. She said she would page the correct gate and tell them to hold the plane as long as they could. I had less than fifteen minutes to catch the last flight to San Antonio from a completely diffent terminal. I made my way to the shuttle bus, only to find that it was packed and that I would not be on a shuttle for another 35 minutes. This was obviously too long , so I began to run–carry–on luggage and all. I ended up making it to the gate in under 15 minutes only to see sixteen year search for the perfect guru and finally found her three years ago, but that is not true at all. I have been blessed to have this guru in my life from day one. She is a constant reminder of what perfection looks like. To gain the slightest knowledge from her is to have bettered my entire lifetime. Thank you Maa, please continue to call and teach your child–for she has



# સ્વર્ગારોહણમાં પૂ.માની સંનિધિમાં પૂ.માના જન્મદિનની ઉજવણી

—નારાયણ હ. જાની

### પૂ.માના જન્મદિનની અનોખી ઉજવણી

તા. ૧૩ નવેમ્બર, ૨૦૦૯નો દિન શ્રી યોગેશ્વર પરિવારના સાધકો માટે એક મંગલ પર્વનો દિવસ બની રહ્યો. કારણ?—પ.પૂ.માશ્રી સર્વેશ્વરીનો જન્મદિન છે—પ્રાકટ્યદિન છે.

અંબાજીના સ્વર્ગારોહણ તીર્થમાં પૂ.માના જન્મદિનનો ઉત્સવ મનાવાઇ રહ્યો છે. પૂ.માએ તો સાધકોને સૂચના આપી છે કે અમારા જન્મદિનને 'સાધના દિન' તરીકે ઉજવો. એટલે આવેલ સાધકો પોતાના સંકલ્પ પ્રમાણે છેક સવારથીજ તે રાતના આઠ વાગ્યા સુધી લીધેલા—પ્રણામ, જપ, કુટિયાની પ્રદક્ષિણા—કે બીજા જો કોઇ નિયમ લીધા હોય તે, પૂર્ણ કરવામાં લાગેલા છે. તો યુવાન સાધક—ભાઈબહેનો સ્વર્ગારોહણને શણગારવામાં લાગેલા છે. તો પૂ.માની બેઠક અને મંચને સુંદર રીતે ફૂલોના હારો વડે સજાવવામાં બીજા કેટલાક જોડાયા છે.

યુવાન બહેનોનું એક જૂથ—સરસ રંગોળી પૂરી રહ્યું છે. પૂ.માના આવાસ કુટિયાનું પ્રાંગણ અને મંચનો આગળનો ભાગ—રંગોળીથી સુશોભિત થઇ ગયા છે.

બે ક્લાકમાં તો આખું સ્વર્ગારોહણ જાણે નવું જ પ્રકાશિત સ્વરૂપ ધારણ કરી લે છે. ઘણા બધા પૈસા ખર્ચીને કારીગરો દ્વારા

જે સુંદર સુશોભન ના થઇ શકે, તેવું સરસ ફૂલોનું સુશોભન પોતાના દિલનો ભાવ રેડીને સાધકોએ અહીં કર્યું છે. પૂ.માની હીંચકાની બેઠક પણ સરસ રીતે શણગારી છે.

**પૂ.માનું આગમન**

ઘણાં બધાં વર્ષો પછી પૂ.માનો જન્મદિન સ્વર્ગારોહણમાં આ રીતે ઉજવાઇ રહ્યો છે.

સ્વર્ગારોહણમાં સાધકોનો ઘણો મોટો સમુદાય ઉમટી પડ્યો છે—જાણે આજે પહેલીવાર લાગ્યું કે સ્વર્ગારોહણ જાણે પૂ.મા—પ્રભુના ભક્તોને સમાવવા નાનું પડતું હોય!

આ વર્ષે ૧૩ નવેમ્બરનો દિવસ કોઇ જાહેર રજાનો દિવસ નથી તેમજ સાધકોને પધારવા માટે કોઇ આમંત્રણ પત્રિકા પણ કોઇ તરફથી મોકલવામાં આવી નથી. છતાં પણ પૂ.મા તરફના પ્રેમને લીધે જ આજે અહીં આટલા બધા સાધકો ઉમટી પડ્યા છે.

શ્વેતવસ્ત્રધારી મા—પૂ.શ્રીના સ્વરૂપને એક હાથમાં ધારણ કરી ધીરે પગલે—મંચ તરફ આવી રહ્યાં છે. શ્વેત વસ્ત્ર ધારણ કરેલી યુવાન બહેનો પૂ.માના માર્ગની બન્ને બાજુ હારબંધ ગોઠવાઇ ગઇ છે. તો જાણે છડી પોકારતી બેત્રણ નાની બાળાઓ પૂ.માની આગળ ચાલી રહી છે. પૂ.માના આગમનની જાણ એનાઉંસર બહેન માઇક પરથી ખૂબ ભાવપૂર્વક કરી રહી છે.

ઉપસ્થિત સાધક ભાઇબહેનો ઊભા થઇને પૂ.માનું સ્વાગત અને અભિવાદન કરે છે.

શ્રી વિજયભાઇ પુરોહિત—પૂ.મા સર્વેશ્વરી વિષે મહાત્મા શ્રી યોગેશ્વરજીએ—'મા સર્વેશ્વરી એક પરિચયમા'—જે ઉચ્ચ



આધ્યાત્મિક પરિચય પૂ.માનો આપ્યો છે તે દોહરાવે છે. પૂ.મા નિર્લેપભાવે તે સાંભળી રહ્યાં હોય તેમ લાગે છે. કારણ તેમના જપ ચાલતા જણાય છે.

આજે પૂ.માનું આ પ્રથમ જાહેર દર્શન છે. પૂ.માએ આવાસની લોબીમાં સતત સાત ક્લાક ફરતાં ફરતાં જપ કર્યા છે, કારણ કે પૂ.માને ખલેલ પહોંચાડ્યા વિના સાધકો આજ રીતે પૂ.માનું દર્શન કરી શકે.

આયોજન પ્રમાણે પૂ.માની આરતી સાધક ભાઇબહેનો—પોતાના સ્થાન ઉપર ઊભા રહી—તાસકમાં દીવા પ્રકટાવી કરે છે. પૂ.મા પણ પૂ.શ્રીના સ્વરૂપ સામે હાથ જોડી ઊભાં છે. આ દશ્ય ખૂબ અનુપમ છે.

આરતી પૂરી થતાં સાધક ભાઇબહેનો તે દીવાઓને પ્રવેશ માર્ગની દીવાલ પર ગોઠવી— સુંદર સુશોભનમાં ફેરવી દે છે— જાણે દીપોનું મહાપર્વ— રાત્રિના સમયે આ દશ્ય સુંદર લાગે છે.

**પૂ. માએ શું માગ્યું?**

જન્મદિન નિમિત્તે—દીવાળી ઉપર પૂ. માએ કહેલું કે પૂ માને તમે પૈસાની નહિ, પણ તમારા વિશેષ પ્રણામ અને જપની ભેટ ધરજો. એટલે છેલ્લા ૨૦ દિવસ દરમ્યાન—સાધકોએ પોતાના ઘરે

રહી—પોતાના રોજિંદા નિયમો ઉપરાંત—પૂ. માને અર્પણ કરવા જે વધારાના જપ અને પ્રણામ કર્યા—તેની નોંધ શ્રી રાજુભાઇ જાનીએ વાંચી સંભળાવી. કલ્પી શકો છો—આ જપ ને પ્રણામ કેટલા હશે?— જપ પાંચ કરોડ ઉપરાંત ને પ્રણામ પાંચ લાખથી વધારે ! અધધ—આટલા બધા.! પૂ. મા પણ આ સાંભળી

પ્રસન્ન થયાં. ભાવ હોય તો ભકિતનું પૂર કેવું ઉમટે તેનુ દર્શન થયું.

**નવો રાહ ચીંધ્યો**

સામાન્ય રીતે જન્મદિને આપણે સારું ભોજન કરી, મિત્રો ને સગાસંબંધીઓની શુભ લાગણીના સંદેશા ઝીલી, અગર અંગત સ્નેહીઓની ભેટ સોગાદો લઇ ઉજવતા હોઇએ છીએ. નાના બાળકોના જન્મદિને હવે 'કેક કાપી' નાનાં ભૂલકાંને ભેગા કરી ફૂગ્ગા ફોડી ઉજવીએ છીએ. પણ પ્રભુ માટે તે દિને વિશેષ શું કરવું જોઇએ, તેનો વિચાર આપણને આવતો નથી. પૂ. માએ એક નવો સરસ વિચાર આપ્યો.

સંતો કે મોટા સાધુઓને તે દિને અનુયાયીઓ કે ભક્તો તરફથી કિંમતી ભેટ સોગાદો ધરવામાં આવે છે. પૂ. મા તે બાબતમાં અન્યોથી સાવ ભિન્ન છે. તેઓ તો અપરિગ્રહી છે. તેઓને કશું જ ભૌતિક ખપતું નથી. તેઓની એક માત્ર ઇચ્છા સાધકો પણ વિશેષ સાધન ભજન કરી આત્મકલ્યાણના માર્ગે આગળ વધે એ જ છે. તેથી જ આવું માગેને!

આ અંગે વિચારતાં અમને લાગ્યું કે સામાન્ય રીતે સ્વર્ગારોહણ આવતા સાધકો અહીં આવી—જપ, ધ્યાન, પ્રણામ પ્રદક્ષિણા કરે છે. પરંતુ ઘરે પાછા ફરતાં પોતાની રોજિંદી સમસ્યાઓમાં અટવાય જાય છે. તો જેમની પાસે સમય છે પણ તે સમયનો કેમ ઉપયોગ થઇ શકે તેનો વિચાર નથી તેમને પૂ.માએ એક સરસ વિચાર આપ્યો—

પ્રભુ, પૂ.મા કે ગુરુદેવને અર્પણ કરવા થોડા વધુ નિયમો



લો—અને એનું પાલન કરી, એનું બધું ફળ પ્રભુને, ગુરુને કે પૂ.માને ધરી દો. પૂ.મા જેવી એક જીવંત વ્યક્તિની પ્રસન્નતા માટે—સાધકોને વધુ ગમે એ સ્વાભાવિક છે, કારણ કે એની પ્રસન્નતા પ્રત્યક્ષ નિહાળી શકાય છે.

**'શબ્દસંનિધિ'નું વિમોચન**

પૂ.માને ઘણાં બધાં વર્ષોથી મૌન છે, એટલે સાધકો જ્યારે એમની સમક્ષ સમસ્યાઓ લઇ આવે ત્યારે પૂ.મા તેના પ્રત્યુત્તરો 'સ્લેટમાં' લખી આપે છે. કોઇ ઘટના કે પ્રસંગો અંગેના પ્રતિભાવ પણ આ લખીને ભૂસી નખાતી સ્લેટના શબ્દોમાં પ્રતિધ્વનિત થતા રહે છે.

પૂ.મા કહે છે, આ સ્લેટમાં જે કંઇ લખાય છે તે પૂ.ગુરુદેવ જ લખે છે. અમે તો કેવળ એમનું માધ્યમ છીએ.

સહજ રીતે સ્લેટ ઉપર ચાલતી પૂ.માની આ કલમ દ્વારા જીવનમાં ઉપોયગી ને આધ્યાત્મિક ઉચ્ચ મૂલ્યો ધરાવતી વાતો રજૂ થતી રહે છે. કેટલાક ભક્તો તે નોંધે છે. પ્રો.તરલાબહેને પૂ.માની સ્લેટ ઉપર લખાયેલી વાતોની નોંધ રાખેલી. તેને પુસ્તક આકારે પ્રસિદ્ધ કરવાની અનુમતિ પૂ.મા પાસેથી મળતાં તે પુસ્તકનું વિમોચન શ્રી યશવંતભાઇ દેસાઇના હાથે થયું. જ્યારે તેના મુખપૃષ્ઠના મોટા ચિત્રનું અનાવરણ શ્રી સિદ્ધાર્થભાઇ પટેલના હાથે પૂ.માની ઉપસ્થિતિમાં થયું.

આ પુસ્તિકાનું પ્રકાશન શ્રી તરલાબહેનના પરિવાર તરફથી થયું. તેમાં ડૉ.અરુણા ઠાકર અને શ્રી જયુબહેન ભક્તે ખૂબ કિમતી સહાય ધરી. પૂ.માએ બંન્ને બહેનોને પુરસ્કૃત કર્યા.

પરિવાર દીઠ એક પુસ્તકની ભેટ ઉપસ્થિત સાધકોને આ પરિવારના સદસ્યોના હાથે આપવામાં આવી.

**જન્મદિને પણ સ્વર્ગારોહણમાં પ્રણામો**

જન્મદિને પૂ.માએ જેમ જપ કરવા ઉપર ભાર મૂક્યો હતો તેમ પ્રણામ ભક્તિ પણ પૂ.માને ખૂબ ગમે. પૂ.મા લખે છે કે ખબર નથી કેટકેટલી યોનિયોમાં આ જીવ ભટક્યો હશે; પરંતુ મનુષ્ય યોનિ સિવાય પ્રભુને પ્રણામ કરવાનું બીજી કોઇ યોનિઓમાં શક્ય બનતું નથી. એથી નમ્ર બનીને જીવનના અનેક અપરાધોની ક્ષમા માગતા, પ્રભુના ચરણે પ્રણામ ધરો.

પૂ.માના આ ભાવને લક્ષમાં રાખી, પૂ.માના ૬૭માં જન્મદિને—ઓછામાં ઓછા ૬૭ સાધકો—હજાર—હજાર પ્રણામ કરે, તો પૂ.માને આ પ્રણામ ભક્તિનો ૬૭ હજારનો હાર—અર્પણ કરી શકાય. તેવું આયોજકોએ વિચારેલું. પરંતુ આ લક્ષની સામે આશ્ચર્ય થાય એટલા ૧૦૪ સાધકોએ હજાર હજાર પ્રણામ સમૂહમાં કર્યા, એટલું જ નહિ, પરંતુ બે સાધક બહેનોએ તો ત્રણત્રણ હજાર પ્રણામ કરીને પૂ.માના શ્રી ચરણોમાં કુલ ૧,૦૮,૦૦૦ પ્રણામનો અર્ધ્ય ધર્યો. આ જાણી પૂ.મા ખૂબ રાજી થયાં. સાધકોનો એ અનુભવ છે કે સ્વર્ગારોહણમાં જેટલા પ્રણામ કે જપ—તપ થાય છે તેટલા પ્રમાણમાં ઘરે થતું નથી. લાગે છે કે પૂ.માની ઉપસ્થિતિ જ આ અદૃષ્ટ શક્તિ ધરે છે. એટલે જ તો માનવો સંતોનું સાન્નિધ્ય શોધે છે.

**બાળદિનની ઉજવણી**

તા.૧૪—નવેમ્બર—એટલે શ્રી જવાહરલાલ નહેરુનો



જન્મદિન જે બાળદિન તરીકે ઉજવાય. અહીં સ્વર્ગારોહણમાં પણ પૂ.માના સાન્નિધ્યમાં બાળકોના સાંસ્કૃતિક કાર્યક્રમ ઉપરાંત, સાધક ભાઈબહેનોએ રાસ અને ગરબાઓ રજુ કર્યા હતા. એમાં બહેનોનો ગરબો ખૂબ પ્રભાવક બન્યો હતો. એથી પૂ.માની ઈચ્છા મુજબ તે બીજીવાર રજુ કરાયો હતો.

પૂ.માને આદિવાસી બાળકોમાં પ્રસાદ વહેંચવાનું ખૂબ ગમે. એટલે પૂ.માના જન્મદિનના ઉપલક્ષ્યમાં અંબાજીથી ૩૦ કિ.મી. દૂર આવેલ કેસરપરાની પ્રાથમિક શાળાનાં ૭૫૦ જેટલા બાળકો—તેમજ રહિશોને—બુંદી અને ગાંઠિયાનો પ્રસાદ ગામડે જઇ સાધકોએ વહેચ્યો હતો. આ ગામ મુખ્ય માર્ગથી અંદરના ભાગમાં આવેલું છે. તેમજ ખૂબ પછાત છે.

પૂ.માના આ રીતે પ્રસાદ તેમજ અન્ય સત્કર્મોના પરિણામે અંબાજી આસપાસના ૫૦ માઇલના વિસ્તારમાં વસેલા આદિવાસી પરિવારોમાં ભાગ્યે જ કોઇ એવું હશે જે પૂ.માને નામથી ઓળખતું ના હોય. તેમજ પૂ.માનો પ્રસાદ એક યા બીજી રીતે ના પામ્યું હોય.

વર્તમાનને જ માણો. આજે ઊઠ્યા તો જાગતા રહીને જ જીવો. આજનો વર્તમાન સાચવી લો. કોઇ અપરાધ ન થાય તેનું ધ્યાન રાખો. રોજ ફક્ત એક જ દિવસ સાચવવો. "હે પ્રભુ! આજનો દિવસ મને તું તારા સ્મરણે જાગતો રાખજે." આ જ પ્રાર્થના આજે, કાલે, રોજ કરવી. એક જ દિવસનું રોજ રોજ માગો. જેથી પ્રભુ ભૂલી ન જાય.

—મા

# બાલ સત્કર્મ પર્વ

—નારાયણ હ. જાની

સ્વર્ગારોહણમાં તા.૧૫ નવેમ્બરના દિને પૂ.માએ ખાસ બાલ સત્કર્મ પર્વ ઉજવ્યું. આ એક નવો જ વિચાર, એક નવી જ વાત. શું બાળકો પણ સત્કર્મ કરી શકે?

પૂ.માને લાગ્યું. હા, જરૂર કરી શકે જો તેનામાં બીજા ગરીબ બાળકોને સહાયભૂત થવાની ભાવના પ્રગટે તો.

આ વર્ષે પૂ.માએ બાળકોને પૂછેલું કે શું તેમની પાસે સત્કર્મ કરવાના પૈસા છે? તો ઘણા બાળકોએ કહેલું, 'મા, અમારી પાસે બચતના ગલ્લા કે કુંભ છે.' તો શું તમે અમારી તે બચત સત્કર્મ માટે અમને આપી દેશો?

હાજર બાળકોએ એક અવાજે હા પાડી.

તો પૂ.માએ કહ્યું, ''તમારાં નામ લખાવોને તા.૧૫ નવેમ્બરે ખાસ રજા લઈને પણ સત્કર્મનો કાર્યક્રમ રાખીશું તેમાં જરૂરથી જાતે જ ગલ્લા લઈને હાજર થઈ જજો.''

કુલ ૫૧ બાળકોએ તેમાં નામ લખાવ્યાં. તેમાં લગભગ ૬ વર્ષથી માંડી ૧૮ વર્ષનાનો સમાવેશ થતો હતો. જો કે મોટાં બાળકોની સંખ્યા ખૂબ થોડી હતી. મોટાભાગનાં બાળકો નાનાં જ હતા. ઘણાં બધાં સ્વર્ગારોહણમાં દર વર્ષે પૂ.માની ઉપસ્થિતિમાં સત્કર્મો થતાં જ રહે. નાનાં બાળકો પણ તેમના વડીલો સાથે હાજર રહે અને આદિવાસી ગરીબ બાળકોને દફતર, કંપાસ, સ્વેટર, ટોપી, ટુવાલ, અનાજ, ડીસ—પ્યાલો અને ઘણો બધો પ્રસાદ આપતાં જુએ. એટલે તેમને પણ થાય કે અમે પણ આ ગરીબ બાળકોને કંઈક આપીએ તો કેવું સારું!



કોઈ પરિવાર તરફથી સત્કર્મ પ્રયોજાયું હોય તો તેના સભ્યોના હાથે જ લાભાર્થીઓને સત્કર્મની વસ્તુઓ અપાવે એ પરિવારના બાળકો હોય તો તેમને હાથે પણ દાનની વસ્તુઓ વહેંચાય, તેવો આગ્રહ પૂ.મા રાખે. તો ઘણીવાર એવુંય બને કે કોઈ વિદેશથી આવેલ વિદ્યાર્થી—પોતા તરફથી—પ્રસાદની એકાદ ચીજ—બિસ્કિટ, ચોકલેટ, ચીકી જેવું આપતાં આ બાળકો જુએ એથી એમને પણ આપવાની ઈચ્છા થાય, પણ તેમને એવી તક કોણ આપે?(એવું કોઈકોઈ વાર બનતું કે મોટાઓના સત્કર્મમાં કોઈ બાળકો વડીલોની પ્રેરણા અને મદદથી—બિસ્કિટ, ચોકલેટ કે ચીકી આપતા.) પણ બધા બાળકો ભેગાં થઈને નાનું સરખું સત્કર્મ તો કરી શકે ને! પૂ.માને આ વિચાર આવ્યો. એમાંથી બાળ સત્કર્મ પર્વની ઉજવણીનો આ કાર્યક્રમ પ્રયોજાયો. તો તે માટે બાળકોએ પોતાની ગલ્લાઓ કે બીજી બચત—પૂ.માને ચરણે ધરી દીધી!—જાણે જીવનમાં પહેલીવાર જ તેઓ પણ બીજા ગરીબ બાળકોને કંઈ આપી શકે તેની પ્રતીતિ તેમને થઈ.

તા.૧૫ના રોજ પૂ.માએ મંચ ઉપર પધારીને જે બાળકોએ પોતાની બચતનાં પાત્રો પૂ.માને આપ્યાં હતાં, તેમને સ્ટેજ ઉપર બોલાવી પોતાની બેઠક પાસે બેસાડ્યાં. પછી તેઓને તેમના માપનાં—એક સરખાં સફેદ યુનિફોર્મ જેવાં ટીશર્ટ પહેરાવી—સત્કર્મ માટે જાણે દીક્ષિત કરી દીધાં.

આશ્ચર્ય પમાડે તેવી વાત તો એ હતી કે તા.૧૪ નવેમ્બરના રોજ રાતની બેઠક રાતે બે વાગ્યા સુધી ચાલી હતી. તે પછી આ બાળકો મારફત વહેંચવાની થતી વસ્તુઓ ટેબલો પર સરસ રીતે ગોઠવાઈ ગયેલી તેમજ બધા જ બાળકોના કાપેલા ફોટા લાકડાની પટ્ટી પર લગાવી તેની નીચે સરસ મઝાનું ગુલાબનું ફૂલ ચોંટાડી—બાગના ક્યારાઓમાં એવી સરસ રીતે ગોઠવેલાં કે જાણે

એક એક બાળક વિશ્વ બગીચાનું ખીલેલું ફૂલ ના હોય! આ રાત્રે ક્યારે ને કેમ થઇ ગયું તે જ ના સમજાયું. આ બધામાં પૂ.માની આગવી સૂઝ દરેક જોનારને જણાઇ આવતી. આ સમારંભના મુખ્ય પાત્રો બાળકો જ હતાં. વડીલો તો જાણે આ કાર્યક્રમના મૂક પ્રેક્ષક બનવા માટે જ ઉપસ્થિત હતા.

ટેબલ ઉપર વ્યવસ્થિત ગોઠવેલી વસ્તુઓમાં—જે વસ્તુઓ આદિવાસી પ્રાથમિકશાળાના દીકરા—દીકરીઓને આપવાની હતી—તે આ પ્રમાણે હતી. દફતર, કંપાસ, રૂમાલ, સ્વેટર, ડીશ, ગ્લાસ, પગનાં ચંપલ, પાંચ કીલો અનાજ, ૨ કીલો કઠોળ અને બુંદી, ગાંઠિયાનો પ્રસાદ તો વધારામાં.

જે નાના બાળકોને અહીં આ વસ્તુઓ લેવા માટે આમંત્ર્યા હતા તે માત્ર પાંચ થી દસ વર્ષની વચ્ચેના જ હતાં. તેમની સંખ્યા ૯૮ની હતી અને અંબાજીથી ત્રણેક કી. મી. દૂર આવેલી પ્રાથમિક શાળામાં તેઓ ભણતા હતાં.

આ બાળકોમાં ભાગ્યે જ કોઇના પગમાં સ્લીપર કે ચંપલ હતાં. વળી તેમના શરીર ઉપરનાં વસ્ત્રો પણ અપૂરતાં ને મેલાં તેમજ ફાટેલાં હતાં. તે પરથી તેમના પરિવારની સ્થિતિ કેવી હશે તેનો ખ્યાલ આવી જાય.

સૌથી પહેલાં આ બાળકોને નાસ્તામાં સારા પ્રમાણમાં બુંદી ને ગાંઠિયા—સત્કર્મ કરવામાં જોડાયેલ બાળકો જ પીરસે છે. ખાતા વધેલ પ્રસાદ તેઓ ઘરે લઇ જઇ શકે તે માટે નાની પ્લાસ્ટીકની કોથળીઓ પણ તેમને આપવામાં આવે છે ને નાસ્તા પછી પાણી પણ આ બાળકો જ પાય છે.

ભરપેટ સરસ નાસ્તો મળતાં બાળકો ખૂબ પ્રસન્નતા અનુભવી એક બીજા સામે જોઇ મલકાય છે. વળી જ્યારે દાતા બાળકો જ એક પછી એક વસ્તુઓનો ઢગલો પ્રણામ કરતાં કરતાં



મોટા શરીર લૂછવાના રૂમાલ ઉપર કર્યો તે જોઇ તેઓ ખૂબ આનંદ અનુભવે છે. છ—સાત વર્ષની દાતા બાલક બાલિકાઓ પોતાથી ન ઉચકાય તેવી અનાજની થેલીઓ માંડમાંડ ખભે ઉચકી આદિવાસી બાળકોને આપતાં જે પ્રસન્નતા અનુભવે છે તેના દર્શન માત્રથી વડીલો પણ રમૂજ અનુભવી હરખાય છે. કેવું સરસ સત્કર્મ આ બાળકો દ્વારા પૂ. મા કરાવી રહ્યાં છે!

આમાં સૂત્રધાર પૂ. મા જ છે ને બાળકો પૂ. માની સૂચનાઓનો અમલ કરે છે. વડીલોને વચ્ચે મદદ માટે આવવાની સખ્ત મનાઇ છે. આ બાળકોનું પોતાનું સત્કર્મ છે, તેમાં બીજા કોઇ વડીલે સહાય પહોંચાડી પુણ્યમાં ભાગ પડાવવાની જરૂર નથી.

આ બાળકોને આટલી બધી મળેલી વસ્તુઓનો ઢગલો જોઇ—જે ખુશી થઇ રહી છે, તેનું દર્શન—વડીલોને પણ પ્રસન્ન કરી જાય છે.

પૂ.મા મોટા સાધક ભાઇબહેનોને આદિવાસી બાળકોને મળેલી ભેટો ગોઠવી—તેનું અનાજ સાથેનું પોટલું બાંધી, કતારબદ્ધ રીતે દરવાજા બહાર લઇ જવામાં સહાય પહોંચાડે છે.

સામાન્ય રીતે નાના બાળકોનો એક સ્વભાવ હોય છે કે તેમની પાસે એક ચોકલેટ હોય, તો પણ તે બીજાને જલ્દીથી આપવા તૈયાર ના થાય. તો અહીં તો પૂ.માએ એમની પાસે ગરીબ બાળકોને કેટલું બધું અપાવ્યું. પૂ.મા દ્વારા આપવાના આનંદના આ સંસ્કાર ભવિષ્યમાં આ બાળકોને કદી એકલપેટા નહિ બનાવે. એ કેટલી મોટી વાત છે. આપણે ઇચ્છીએ કે પૂ.માએ આપવાના આનંદનું વાવેલું આ બીજ વખત જતાં સૌના જીવનમાં વટવૃક્ષ બનીને પાંગરે.

આદિવાસી બાળકોને ખૂબ ભાવપૂર્વક વિદાય આપ્યા પછી

પૂ.માની સૂચના પ્રમાણે દરેક બાળકને તેના ગલ્લા પાછા આપી, દેવાયા. પૂ.ગુરુદેવ ને પૂ.માને કુટિયાની પ્રદક્ષિણા ને પ્રણામ કરી, ગલ્લા કે કુંભની રકમ—પોતાના વડીલોની હાજરીમાં ગણવાનું કહેવામાં આવ્યું. આ પ્રમાણે ગણેલી રકમ ઓફિસમાં—બાળકના નામે જમા કરાવી રસીદ મેળવી લેવા—પૂ.માએ સૂચના આપી. પૂ.માએ લખ્યું કે આ બાળકોની સત્કર્મની આ પહેલી રસીદ છે. તેમના જીવનમાં નાનપણથી સત્કર્મનો જે પ્રારંભ થયો, તેનો દસ્તાવેજી પુરાવો છે.

બાળકોની આવી જ બચતની ભાવના જળવાઈ રહે તે માટે શ્રીનિલેશભાઈ ટેલર અને શ્રી અશ્વિનભાઈ કાકા તરફથી ઢોલકી રૂપના ગલ્લાઓ બધા જ ૫૧ બાળકોને ભેટ આપવામાં આવ્યા. આ ગલ્લાઓમાં આજના મંગલદિનથી બચતનો પ્રારંભ થાય તે માટે સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટના ૩ ટ્રસ્ટીઓ તરફથી દરેક બાળકના ગલ્લામાં રૂા.૫૧/—ની ભેટ નાંખવામાં આવી. આ રીતે બચતનો શુભ પ્રારંભ ટ્રસ્ટીઓ દ્વારા કરાયો. જેને પૂ.મા તેમજ સાધકોએ તાળીઓથી વધાવ્યો.

સ્વર્ગારોહણમાં અનેક પ્રકારનાં સત્કર્મો થતાં રહે છે, પરંતુ આવું બાળ સત્કર્મ પર્વ પહેલું જ હતું. આજના પર્વના દાતા બાળકોનો ઉત્સાહ ને આનંદ તેમના વદન ઉપર તરી આવતો હતો. પૂ.માએ પણ આ પર્વની ઉજવણીમાં સતત પાંચ ક્લાક ઉપસ્થિત રહી—ભારે શ્રમ ઉઠાવ્યો, તે પાછળ તેમનો એક માત્ર હેતુ—સૌને પોતાની પવિત્ર ઉપસ્થિતિનું સુખ—વધુ સમય માટે મળી રહે એ જ હતો. પૂ.માની એ કરૂણાને—જેટલા વંદન કરીએ તેટલા ઓછા છે. હે મા, અમારા ઉપર હંમેશ એવી કરૂણા વરસાવતાં રહેજો.



# મુક્તિની મહેફિલ

**—મા સર્વેશ્વરી**

(પૂ.માનું જીવન પ્રાગટ્ય કેવળ મનુષ્યોને જ મુક્ત કરાવવા માટે નથી. પરંતુ પંખીઓને—અન્ય બંધનમાં પડેલા જીવોને પણ મુક્ત કરાવવા માટે છે. તેની પૂ.માના હસ્તે કરાયેલ આ નોંધ વાંચતાં, પ્રતીતિ થાય છે.)

**—તંત્રી**

૧૯૮૯ કેનેડામાં હતા. પૂષ્પાબહેનના ઘરે સત્સંગ હતો. પરેશ, કલ્પેશ, નિલેશ ત્રણે બાળકોએ ઘર સજાવ્યું સૌ સમયસર આવી ગયા.

મા પણ આવે છે. પ્રણામ પૂષ્પો સાથે સ્વાગત કરી સત્સંગ જ્યાં રાખ્યો છે ત્યાં સૌ દોરી જાય છે. સૌ ઉભા થાય છે પ્રણામ કરી.

સૌના પ્રણામ પૂરા થયા એટલે ત્રણે બાળકો પાછળ જ વાડો હતો ત્યાં ગયાં. એક પીંજર મા પાસે લાવ્યાં.

“મા, આ બન્ને પણ તમારા દર્શન કરવા આવ્યાં છે. સત્સંગ છે તો એમને પણ લાભ મળે!

મા કહે છે. ખૂબ સરસ છે.

બાળકો :—મા એના નામ પણ પાડ્યા છે. એકનું નામ રામ ને બીજીનું નામ સીતા.

ત્રણે બાળકોએ પીંજર સત્સંગના હોલમાં જ વચ્ચે લટકાવી દીધું.

દોઢ કલાકે સત્સંગ પૂરો થયો. એટલે ફરી સૌ પ્રણામ કરે છે

બાળકો ફરી પીંજરને લાવે છે.

મા :—એમને બહાર કાઢો.

બાળકો :—મા, તો તો તે ઉડી જાય.

મા :—એમને પાંખ શા માટે આપી છે? ભલે ઉડી જતાં.

બાળકો :—મા અમને એ બન્ને ખૂબ ગમે છે.

મા :—તમે ત્રણે પણ અમને ખૂબ ગમે છો. તો તમને પીંજરમાં પૂરી દઇએ!

બાળકો :—ના,મા અમને તો પીંજરમાં ના ગમે.

મા :—તો આ પક્ષીઓને પણ પાંજરું થોડું ગમે.

તમે ત્રણે બાળકો કેવાં ડાહ્યાં છો. મા ઇચ્છે છે કે આજે સત્સંગના અવસરે તેને મુક્ત કરો.

બે ત્રણ મિનિટ બાળકો વિચાર કરે છે. પછી કહે છે. મા એ લોકો શું ખાશે!

મા :—તમે વાડામાં એમને માટે ખાવાનું મૂકજો.

અને તરત જ ત્રણે બાળકોના અતિપ્રિય એ બન્ને પક્ષીઓ માટે પીંજર ખોલી દે છે.

તરત જ સત્યનો સ્વીકાર. પક્ષીઓ તરત તો ના ઉડ્યાં. એક બે ક્ષણ પછી પીંજરાનો ત્યાગ કરીને જરાક બહાર આવી ત્યાં જ સ્થિર થયાં.

બે ત્રણ મિનિટમાં તે વાડાની વૃક્ષની નાની નીચી ડાળી પર બેઠાં. અરે, પાછાં પીંજરા પર આવ્યાં. પછી બીજા વૃક્ષ પર બેઠાં. અને મુક્તિની મજા માણવા માંડ્યાં.

ત્રણેય બાળકો કંઇ નાનાં ન હતા એક ૧૦માં માં હશે એક ૮માં માં હશે એક ૩જામાં ભણતાં હશે.

મા ગમે છે. માની વાત ગમે છે. સત્ય સમજાયું છે તો તરત જ તેનો સ્વીકાર કરીને આચરણ પણ ક્ષણના વિલંબ વિના. ધન્યવાદ હે બાળકો, તમારા સંસ્કારોને, તમારી વડીલોની વાતને વધાવવાની રીતને, તમારા માતાપિતાને.



આ પ્રસંગ જાણે બંધનમાંથી મુક્ત કર્યાનું મંગલપર્વ પક્ષીજગતે મનાવ્યું.

માનવજાત પણ આવા સારાં કાર્યથી સંતોષ અનુભવતી હોય છે.

બીજા વરસે ઇંગ્લેન્ડના એક પ્રસિદ્ધ શહેરમાં પ્રસિદ્ધ ભક્તસેવકને ત્યાં અમારો ઉતારો હતો.

બીજે દિવસે સવારે એ ઘરની માતાએ વાત કરી. મા ઘરમાં બધા જ બાળકોની ઇચ્છા હતી માટે એક સરસ રંગબેરંગી કબૂતર જેવું મોટું પક્ષી પણ અમે અમારા દિવાનખંડમાં પાળ્યું છે. મા તમે નીચે જોવા તો આવો. ખૂબ સરસ બોલે છે.

ત્યાં જ તે પક્ષીએ મીઠો ટહૂકાર કર્યો. એટલે માતા ફરી કહે છે.

ઘરના સૌ એની સાથે રમે છે. જતાં આવતાં એની જોડે વાતો કરે છે. એ પણ જાણે સૌને ઓળખી ગયું છે.

મા :—છોડી દો. શા માટે ઇશ્વરના દરબારે ગુનેગાર થવું છે.

માતા :—એને અમે બજારમાંથી ઘણા પાઉન્ડો આપીને ખરીદી લાવ્યા છે. કેવી રીતે છોડાય?

મા :—જ્યાંથી લાવ્યા ત્યાં આપી આવો!

માતા :—મારી પુત્રવધૂ ખૂબ પ્રેમથી લાવી છે તેને પૂછવું પડે.

મા :—બોલાવો ને પૂછી લો.

આવે છે. મા પૂછે છે.

પુત્રવધૂ :—મા, અમે એ પક્ષી ઘણા દિવસોથી એ દુકાનમાં

જોતાં હતાં. તે પક્ષી વિશે અમે અભ્યાસ પણ કર્યો. તેને શું શું ભાવે છે. તેને કેવું વાતાવરણ અનુકૂળ આવે છે. અમે ડૉક્ટર પાસે પણ ચેકીંગ કરાવ્યું છે. ખૂબ કાળજી રાખીએ છીએ.

મા :—તો એને હવે મુક્ત કરો.

પુત્રવધૂ :—અમારા ઘરના સભ્ય જેવું થઇ ગયું છે. અમે એને કેવી રીતે ઘરમાંથી કાઢી મૂકીએ. અમે એને ઘરનાં બાળકની જેમ રાખીએ છીએ. અમે જ એને લાવ્યાં છીએ હવે એને કાઢી તા ેન મૂકાય.

મા :—તમને ખૂબ ગમે છે માટે જ એને મુક્ત કરો.

પુત્રવધૂ :—મા એ તો મારે બધાં બાળકોને પૂછવું પડે બાળકોને એના વિના ના ગમે. બાળકોનું એ રમકડું આપણે ઝૂંટવી લઇએ, ફેંકી દઇએ, તો અમારાં બાળકો રડે. ને તે રડે તો અમારાથી સહન ના થાય.

મા :—બાળકોને સમજાવો.

માતા અને પુત્રવધૂ બંને મૌન થઇને ઊભા.

મા :—વિચારજો. અમે અહીં છીએ ત્યાં સુધી વિચારજો.

એક દિવસ વીતી ગયો. બીજે દિવસે માએ ફરી એ જ વાત ઉપાડી. બંને પાત્રોએ એ જ દલીલ કરી. માની કોઇ સમજાવટ તેમના મનમાં ના ઉતરી.

મા વિચારે છે. હવે કંઇક ઉપાય તો કરવો જ પડે. એટલે બપોર પછી મા બંનેને બોલાવે છે. ફરી સમજાવે છે.

માતા :—મા અમે ધારોકે છોડી મૂકીએ તો અમને નિસાસા લાગે. એ બીચારા ભૂખ્યાં તરસ્યાં ક્યાં રહે?

મા :—ભગવાને આખું વિશ્વ બનાવ્યું. કેટલા બધા પક્ષીઓ છે તેને તમે જ ખાવાનું પહોંચાડો છો! ભગવાન સંભાળશે.



વિચારજો.

ત્રીજે દિવસે માએ અમોઘશાસ્ત્ર છોડ્યું.

જુઓ, તમે જો આ પક્ષીને ના છોડો તો અમે તમારા ઘરનું પાણી પણ નથી પીવાનાં.

બંને પાત્રો મા ને હાથ જોડી વિનંતી કરે છે. મા તમે અમારા ઘરમાં છો ને પાણી પણ ના લો તે તો અમને સેવાનો અપરાધ લાગે.

મા :—તમે બંને માનતા નથી તો મા પાસે બીજો કોઇ ઉપાય જ નથી. તમે પક્ષીને ઉડાડી દો તો જ મા પાણી કે દૂધ કે ફળ લેશે.

આ વાત સાંભળી બંને પાત્રોની આંખમાં આંસુ આવી ગયાં.

બંને :—મા તમારી વાત સાચી છે પણ અમને તે ખૂબ ગમે છે. એને છોડી મૂકવાથી અમને પાપ લાગશે.

મા :—પીંજરામાં રાખો તો પાપ લાગે. છોડી મૂકો તો તો પુણ્ય લાગે.

બંને :—મા તમે આટલું બધું કહો છો તો અમે એને રોજ ઘરમાં ૧ કલાક છોડીએ તો ચાલે?

એક કલાક દિવાનખંડમાં રમશે, ઉડશે ને મજા કરશે અને અમને પણ મજા પડશે.

મા :—તમારા બાળકોને એની જગ્યા એ પૂરી દો. એમને પીંજરામાં બીસ્કીટ, જ્યુસ, કેન્ડી, ભોજન આપો. તમારાં બાળકો પણ પીંજરમાં સરસ લાગશે.

બંને :—તમે આવી વાતો ના કરો. અમારા બાળકો કંઇ પીંજરમાટે થોડાં છે. પીંજરમાં પૂરવાની વાત કરીએ ત્યાં જ રડવા માંડે ને ના જ પાડે અંદર જવા માટે.

મા :—તમારા બાળકો બોલે છે. તે તમને સંભળાય છે. તે રડે છે તેથી તમે તેને અંદર નથી પૂરતાં. આ પક્ષીઓ પણ બોલે છે. મને નથી ગમતું. રડે છે મને બહાર કાઢો મારે રમવું છે ઉડવું છે. મને પાંખ મળી છે તો મારા હજારો સાથીઓને મળવા જવા દો. પણ પક્ષીઓની ભાષા આપણે સમજતા નથી. એનું રૂદન આપણે સાંભળી શક્તા નથી.

બંને પાત્રોએ છેવટે કહ્યું મા અમે વિચારીશું. તે દિવસે સાંજે પાછા બંનેને મા બોલાવે છે પૂછે છે.

શું વિચાર્યું?

માતા :—મા મારી પુત્રવધૂ પક્ષીઓની દુકાને જઇને પેલા વેચનારને પૂછી આવી. તો તેણે ના પાડી. તેણે કહ્યું જો તમે એને ઉડાડી દેશો તો આ હવામાનમાં એ જીવી ના શકે.

હવે અમે મુંઝાણા છીએ શું કરવું? અમે કોઇકને મારી નાંખવાનો ખૂન કરવાનો ગુનો કરી રડી રહ્યાં છીએ મા ઘરમાં બધા જ ના પાડે છે. શું કરીશું.

મા :—તો પછી અમે પણ રાહ જોઇશું. તમે સમજો, વિચારો ત્યાં સુધી ભલે અમે પાણી ના લઇએ.

બંને :—મા એવું તો ના ચાલે. અમે તમને વચન આપીએ કે એને અમે એકાદ બે મહિનામાં ઉડાડી દઇશું. પણ તમે પાણી ફળ, દૂધ તો લો.

મા :—એ તો ના બને. તમને એક મહિના પછી તો વધુને વધુ ગમશે. ને તમે એ બીચારાને કદી ના છોડો. અમને તો સૌ ઉડે કિલ્લોલ કરે. મુક્ત વિહાર કરે. વૃક્ષોના ફળો તે ખાઇ ને આનંદ કરે તે જ ગમે છે. માટે તમે એક બે મહિના પછીની વાત કરો છો તે તો મા ને ગળે ઉતરતી નથી. મુક્ત કરવું હોય તો



હમણાં જ કરો. એને ઉડાડી દેવાનું જે કંઇ પાપ લાગે તે ભલે અમને લાગે, પણ આટલું અમારું માની જાવ. અમે આપની પાસે ભિક્ષા માંગીએ છીએ કે આ સુંદર પક્ષીને બંધનમાંથી મુક્ત કરો.

અને એ વાત સાંભળી બંને એકદમ આશ્ચર્યમાં પડી ગયાં. મા સાથે જે પતિપત્ની અમેરિકાથી આવ્યા હતા તેમણે પણ એ બંનેને સમજાવતાં કહ્યું મા કહે છે તે સાચી જ વાત છે.

અને છેક ત્રીજે દિવસે બંને પાત્રો પક્ષીને મુક્ત કરવા માટે માની ગયા.

સવારે તે પક્ષીને બંધનમાંથી મુક્ત કર્યું. માને સંતોષ થયો. હાશ થઇ ગઇ.

તે દિવસે બપોરે માતા પાછાં મા ને મળે છે. મા, હું સવારથી તે પક્ષીને જોયા કરું છું. તે પાણી લે છે. ખાય છે પણ અમારા વૃક્ષ ઉપર જ બેસી રહ્યું છે. બિચારું પાછું ઘરમાં આવવા માંગતું હશે.

મા :—ના, એવું નથી, એને પીંજરમાં રહેવાની ટેવ પડેલી એટલે એ મુક્તિની મજા માણતા વાર લાગશે. એ તો વિચારતું હશે કે આ ઘરના સૌને આશીર્વાદ આપતું જાઉં એના જ વૃક્ષ પર બેસીને. આ ઘરના મંગલ માટે પ્રાર્થના કરતું હશે. પ્રાર્થના માટે જ બેઠું છે એમ માનો.

માતાને સમાધાન થઇ ગયું. સાંજે પાછા તે મા આનંદના સમાચાર આપતા કહે છે, મા તે ઉડી ગયું.

જન્માંતરની પીંજરમાં રહેવાની આદત જ મુક્તિના ઉડ્ડયનના આનંદને વિસ્મૃત કરાવી દે છે.

સંસાર, માયામાં બંધાયેલા જીવને પણ ક્યાં સત્સંગ, કથાનો

આનંદ આકર્ષી શકે છે?

બંધન ગમે છે. શાસ્ત્રો ને સંતો યાદ કરાવે છે મુક્તિની મજા માણવા તૈયાર કરે છે તો કોઇ કોઇ પાછાં મુક્તિની દિશામાં મોજ માણવા ઉડે છે.

શોખ પક્ષીપાળવાનો, કોઇકને બંધનમાં મૂકવાનો જાણે દસ્તાવેજ બની જાય છે. અને એ દસ્તાવેજ પ્રમાણે જ ઇશ્વર પણ કર્મફળોના પ્રસાદને વહેંચતા હશે ને.

બન્ને પ્રસંગોમાં સત્યનો સ્વીકાર તો થયો પણ એકે તરતજ આચરણ કરી બતાવ્યું. એકને જરા વાર લાગી પણ બન્નેએ સત્કર્મ તો સરખું જ કર્યું.

હે પ્રભુ, એવાં સત્કર્મો સૌ પાસે સતત કરાવતા રહો.

★★★★★★★ ॐ ★★★★★★★

આજે ૨૮ ઓક્ટોબર ૨૦૦૧. લોસએંજલસ શહેરના એક સોસાયટી વિસ્તારમાં મા બેઠાં છે. સવારે જ ઉપરના બન્ને પ્રસંગોનું લેખન પૂર્ણ કર્યું.

આજે બાર વાગ્યે એરીઝોના, અને એલકો વિભાગના ભાઇબેનો માને મળવા આવ્યાં છે.

તે સૌનો એક જ પ્રશ્ન છે.

મા ક્યારે એલકો ને એરીઝોના આવશે?

મા :—હમણાં તો લેખન કાર્ય ચાલે છે. એટલે ઇચ્છા નથી થતી.

આજે જ બે પ્રસંગો લખાયા. સાંભળવા છે?

સૌ હા પાડે છે.

યજમાન શ્રી ભગવાનજી ભક્ત, સૌને આજનું લખાણ ઉપરના બે પ્રસંગોનું વાંચી સંભળાવે છે.



સૌ ખૂબ ધ્યાનથી સાંભળે છે.

જેવું વાચન પૂરું થયું ત્યાંજ એક બેન બોલી ઉઠે છે.

'મા, મારે ઘેર પણ આઠ વર્ષથી માછલીઘર છે; તો તેનું શું? મારા પતિ અતિનિયમિત બે વાર તેને ભોજન નાંખે છે.'

એમના પતિ એ સાંભળી તરત જ કહેવા લાગ્યા.

આપણે પણ માછલી છોડી દઇશું.

બસ, થોડી વાતો થઇ, સૌ ઉભા થયા. વારાફરતી પ્રણામ કરી મા તે સૌને માળા પુસ્તક આપે છે.

માછલીનું શું?

તે ભાઇએ સૂર પૂરાવતાં કહ્યું.

તે તો હવે મુક્ત જ કરવાની હોય ને!

તે પતિપત્ની બન્ને એલકો રહે છે. તેમના નામ છે શ્રી ભીખુભાઇ અને શ્રીમતી શાંતાબેન.

કેટલાક તરત જાગે, કેટલાક મોડાજાગે, તો વળી કેટલાક જાતે જ જાગે.

જેમ સુકા લાકડાં તરતજ સળગે. ભીનાં લાકડાને વાર લાગે, ને પેલો જંગલમાં દવ જાતે જ લાગે.

હે ભીખુભાઇ, તમે તો એક જ વાર શ્રવણમાત્રથી મુક્ત કરવાનો મંગલયજ્ઞ કરવા સામેથી જ તૈયાર થયા. જાણે જાતે જ જાગી ગયા. ના કોઇ શસ્ત્ર લેવું પડ્યું, ના કોઇ બે વાત દૃષ્ટાંત સાથે કહીને મનાવવા પડ્યા. માટે ફરીફરી આપને ધન્યવાદ. આપની સમજશક્તિને ધન્યવાદ. સર્વોત્તમ સંસ્કારો સુતા હતા તે સહજ જ સંગે જાગી ગયા.

જે જાગે તે હરિને પામે. જાગે તે સૌને પણ જગાડે.

શ્રીમદ્‌ભાગવત ગ્રંથમાં શ્રવણ ભક્તિના જ સાધને

રાજાપરિક્ષિત ભવસાગર તરીને મુક્તિના મહાપદને પામ્યા. ફક્ત સાત દિવસનું શ્રવણ જ, જાણે સર્વોત્તમ સાધન થઈ ગયું.

રામાયણમાં ભગવાન શ્રીરામ નવધાભક્તિ શબરીને સમજાવે છે તેમાં પણ એક ભક્તિ શ્રવણભક્તિ પણ ગણાવે છે.

શાસ્ત્રશ્રવણને, સંતવાણીના શ્રવણને પણ શ્રીહરિએ સમર્થ સાધનની શક્તિથી વિભૂષિત કર્યું છે.

અહીં આ લેખન આ અક્ષર લેખન સાવ સાધારણ સામાન્ય હતું, છતાં શ્રીહરિએ એ અક્ષરોને શ્રવણના માધ્યમે સજીવન કર્યા.

શ્રવણ માત્રથી જાગ્યા. જેમની વાત છે તેમને આ કોઈએ જોયા નથી. ક ે પેલા પક્ષીઓન ે પણ જોયા નથી.

એ બંને પ્રસંગોને પણ ઘણા વર્ષો વીતી ગયા.

એ સત્ય ઘટના શ્રીહરિએ પોતાની કલમે આજે જ ઉતારી. આજે જ એ લોકોએ એલકો ને એરીઝોનાથી ભાવિક પ્રેમી ભાઈબહેનો આ વર્ષે પહેલીવાર જ મળ્યાં. આજે જ પ્રસંગનું શ્રવણ સહજ રીતે થયું.

અને આ ત્રીજા પ્રસંગોનું પણ સર્જન એ પણ શ્રીહરિની જ યોજના.

આ પ્રસંગોની ત્રિવેણી જાણે પુણ્યસલિતા બની ગઈ. આજનું લેખન જાણે જગાડવાનો ઘંટારવ બની ગયું. અક્ષરની આરાધના આ જ રીતે સફળ થતી હશે.

હે સદ્‌ગુરુ ભગવંત, ધાર્યું સઘળું આ કલમે ઉતારજો. હે કલમ, તું પણ શ્રીહરિની સંગીની બની યાત્રા કરતી રહે. શ્રીહરિને પ્રત્યક્ષ કરવાની તારી શક્તિ પ્રગટાવતી રહેજે.



# A Drop of Amrut

**Gargi U.S.A.**

Jai Krupalu MAA.

Pranam MAA.

It is said that throughout our lives, we receive 10% amrut and 90% unpleasantness. The month of July 2009 reflected a large portion of that 10%. MAA's infinate source of love poured over all the devotees in an almost unbearable manner. Three weeks in Peterborough and one week in Huntsville–each moment worth living over and over again. So many different forms of MAA were observed by all devotees in these priceless days.

Saraswati MAA : a constant outpour of knowledge–general, scriptural, historical, and spiritual. Laxmi MAA : revealing some of her numerous Gupta daans–in India as well as foreign countries. Amba MAA : reflecting the ability to change so many forms–with a child she becomes a child, with an elderly person she shares their pain, with new acquaintances she makes them feel like her own within seconds. Sarveshwari MAA : the mother of the universe–possessing a vision far different from mere human beings. She sees past, present, future–through all yugs.

She is the protector of all and knows each and every

Shakti–fueling the entire universe, yet for our human eyes, she displays a mere human form that possesses all characteristies of an ideal human being.

The setting created at both places of Van Vishram was not a result of the natural beauty around us but rather of MAA's sadhana–oriented nature. This led everyone to pursue various goals in their personal sadhana. We would assume that in such an environment, everyone would be very serious. However, MAA would lighten up the atmosphere with her laughter so much, that it became very easy to forget the purpose of our stay in Van Vishram.

In such an atmosphere, MAA pulls the string well, that escaping her cascade of love becomes impossible. I had never seen MAA in Van Vishram, but now that I have, there is no place I would like to see her more. She is far more relaxed, content, and free to do her sadhana without distubance. MAA's hearty laughter is constantly ringing through the house. In such an atmosphere, everyone is able to easily do their sadhana–including jap, parayan (recitation of verses), meditation, reading, fasting, and more–and taking one step closer to God.

Being in Mother Nature's lap, MAA's diary reflected remarkable symbolic examples of the beauty around her. For example, in Peterborough, the sun set beautifully behind the lake. Although we devotees merely looked upon the sunset as a magnificent sight, Pujya MAA went far more in



the sun's long reflection from the sun to the shore of the lake, is a pagdandi : a pathway, created by Surya a devotee. Also, Surya Narayan is an ideal silent devotee. Some taunt him for his heat, some praise him for his beauty, yet through praise and disdain, he remains silent and continues his seva of shedding light. He sees the world's sins and good deeds of the day, but without giving any commentary, silently leaves to his abode. As he leaves, the widespread reflection of the rays on the lake, look as if thousands of divas were floating on the water. Such is the vision of Pujya MAA–the universe seenshrough the eyes of its creator.

Nothing but constant Thank You's ring through my mind when I think of the time spent with Pujya MAA. Whether it was sitting by her charan on the deck in Huntsville, or jumping on the trampoline with her laughing from the balcony in Peterborough–each moment has been worth remembering over and over again. Thank You MAA, Thank You MAA–over and over again for giving me this drop of Amrut. Although I know this drop will last a lifetime, I will continue to MAA!

**Pujya MAA ne koti Pranam**

**Your Child**

# બાળયાત્રા(૧)

સંકલન :– વિનોદિનીબહેન પટેલ

## ભૂમિકા

પરમ પૂજ્ય યોગેશ્વરજી અને પરમ પૂજ્ય મા સર્વેશ્વરીના પૂર્ણ આશીર્વાદથી પ્રેમના દરિયેથી જ્ઞાનના દરિયાની યાત્રા. (સ્વર્ગારોહણથી ગંગાજી)

આર્થિક સહયોગ

શ્રી મધુભાઇ એચ. ભટ્ટ (મુંબઇ)

શ્રી નીલાબેન એમ. ભટ્ટ (મુંબઇ)

શ્રી આનંદભાઇ એમ.ભટ્ટ (મુંબઇ)

## યાત્રા દર્શનનાં સ્થળો

| | |
|---|---|
| ૨૦–૧૦–૦૯ | સ્વર્ગારોહણથી પ્રયાણ |
| ૨૨–૧૦–૦૯ | હરિદ્વાર, ઋષિકેશ |
| ૨૩–૧૦–૦૯ | દેવપ્રયાગ–શાંતાશ્રમ, ચંદ્રવદની દેવી, દશરથાચલ પર્વત. |
| ૨૪–૧૦–૦૯ | મસૂરી |
| ૨૫–૧૦–૦૯ | હરિદ્વાર |
| ૨૬–૧૦–૦૯ | જયપુર |
| ૨૭–૧૦–૦૯ | સ્વર્ગારોહણ |

## ક્યાં શું જોયું?

**હરિદ્વાર દર્શન :** આનંદમયી માતાનો આશ્રમ, કનખલ–દક્ષપ્રજાપતિ નામક શિવમંદિર, શીતલામાતાનું મંદિર, પારેશ્વર



મહાદેવ, છેલ્લા દિવસે ગંગાસ્નાન અને બજાર.

**ઋષિકેશ દર્શન :** શ્રી ગંગાજી, શિવાનંદ આશ્રમ, રામઝૂલા, ગંગાનંદીમાં બોટિંગ, ગંગાસ્નાન, લક્ષ્મણઝૂલા, દેવકીબાઇની ધર્મશાળા, ભરત મંદિર, વૈષ્ણવી દેવી મંદિર, પાવનધામ.

**દેવ પ્રયાગ દર્શન :** શાંતાશ્રમ, ભાગીરથી–અલકનંદાના સંગમના દર્શન કર્યા, દશરથાચલ, ચંદ્રવદની દેવી, હિમ આચ્છાદિત હિમાલય.

**મસૂરી દર્શન :** મહાત્મા શ્રી યોગેશ્વરજીના સહયોગથી તેમજ આશીર્વાદથી બનેલી સરસ્વતી શિશુવિહાર, પરમ પૂજ્ય શ્રી ગુરુદેવનું નિવાસસ્થાન, કેમ્પટી ફોલ, સહસ્રધારા મંદિર, રોપ વેની મજા માણી, સાંઇ બાબાનું મંદિર.

**જયપુર દર્શન :** બિરલા મંદિર, સિટિગેટ, આમેર કિલ્લો, ગણેશપોલ, જલમહેલ, હવામહેલ, જૂનું વિધાનસભાગૃહ, પ્રાણી સંગ્રહાલય, જંતરમંતરની વેધશાળા, મૂર્તિબજાર, એશિયા ખંડનું બીજા નંબરે આવતું રાજમંદિર સિનેમામાં 'બ્યુ' પિક્ચર જોયું.

**વિશ્રામ સ્થળ :** હરિદ્વાર–આર્ય નિવાસ, જયપુર–ગુજરાતી નિવાસ.

### સોળ બાળયાત્રીઓના નામની યાદી

| આખુ નામ | શહેર | ધોરણ |
|---|---|---|
| (૧) મહર્ષિ | વડોદરા | ૮ |
| (૨) રિતેશ | અંબાજી | Fy. B com |
| (૩) નરેશ | અંબાજી | ૧૦ |

| | | |
|---|---|---|
| (૪) વૈભવ | વડોદરા | ૭ |
| (૫) હાર્દિક સોમપૂરા | અંબાજી | ૧૦ |
| (૬) પથિક | અંબાજી | ૧૦ |
| (૭) ધવલ | વડોદરા | ૧૧ |
| (૮) આદિત્ય | વડોદરા | ૭ |
| (૯) નૈતિક | વડોદરા | ૬ |
| (૧૦) આકાશ | વડોદરા | ૧૦ |
| (૧૧) દેવર્ષિ | સુરત | ૧૧ |
| (૧૨) કેયૂર | અંબાજી | Fy. B com |
| (૧૩) પૂજન | અમદાવાદ | ૮ |
| (૧૪) હાર્દિક એસ. | સુરત | ૧૦ |
| (૧૫) શુકન | વડોદરા | ૯ |
| (૧૬) નીલેશ | અંબાજી | ૮ |

**સોળ બાળ યાત્રીઓની સારસંભાળ રાખનાર ત્રણ સૂત્રધારો**

(૧) સ્નેહલભાઇ પુરોહિત (૨) આશિષભાઇ જોષી (૩) અશ્વિનભાઇ કાકા.

**વાહન**

| | |
|---|---|
| આબુરોડથી દિલ્લી | ગરીબરથ ટ્રેન |
| દિલ્લીથી હરિદ્વાર | દેહરાદૂન એ. સી. ટ્રેન |

**હરિદ્વારથી બધા સ્થળોના દર્શન માટે**

| | |
|---|---|
| હરિદ્વારથી જયપુર | લક્ઝરી બસ |
| જયપુરથી આબુરોડ | અરવલ્લી ટ્રેન |



## નિત્ય નિયમો

નવ મંત્ર ગાન

૧૧ પ્રણામ નિત્યક્રમના.

૧૧ પ્રણામ પ. પૂ. માને થેન્ક્યૂના.

૧૧ પ્રણામ પૂ. મધુભાઇના પરિવારના કલ્યાણ અર્થે.

ધૂન, ભજન, પ્રાર્થના વગેરે.

## બાળકોની યાત્રા નોંધ

Poojan std–8 Ahmadabad

I was very happy when I listened that Maa has arranged Haridwaryatra in the Diwali vacasion for sixteen boys of same age group. Our yatra was started fram 20/10/09 and ended on 27/10/09. Maa has given us ‘Blessings’ and a bag full of required things. Many satsangis came to Abu Road to drop us, My father was insisting Snehalbhai to take care of me, as first time, was going to yatra alone. Really Snehalbhai, Ashvinbhai & Ashishbhai had taken too much care of us. I like to say the visit as yatra because we have visited places related to Mahtma Yogeshwarji’s Sadhana, We had always done prayers, pranams, bhanjans & dhoon also, I liked, all places, but I was exited on looking confluence of Bhaghirathi & Alakananda. These two rivers merge at

Devprayag and afterwards known as river Ganga. I was also excited when I saw Himalayas covered with snow from Chandra Vadani Devi.

Though I have visited all places without my parent. I never felt that I was alone or never

suffered from Home–sickness, due to Maa's calls & Maa's blessings. At swargarohan Maa had asked me to recite Bhajans like 'સારથિ પદ'

and 'yku{kík ík{khk'and, realised what these words did miracle in our yatra.

**Aditya:– Baroda std.VII**

This is my first long journey without parent. When I heard from my uncle that Maa has arranged Haridwar yatra for us, my heart overflowed with joy. Maa has given us everlasting send off from swargrohan. First of all Anandbhai did 'ચાંદલો/તિલક' and shree Nilaben had offered flowers, we are given many other things like cap, bag, Namkins, Napkins, Idenetity card and so on. But the most important thing that we got from Maa in Her, 'Blessings' Here I like to say what I like the most during yatra. Than look, my memorable experience is to recite. 'ૐ યોગેશ્વર રક્ષમામ્' dhoon continously



while climbing Chandra Vadani de and at that time I was also feeling that Maa was whose

protecting us coutineously.

We enjoyed all days with our friends without scolding & also did bhajans, dhoon, pranam, reading of the same chapter of 'પ્રકાશને પંથે/ steps toward eternity.' I am very much thankful to Maa and Anandbhai & Nilaben for arranging this yatra.

**મહર્ષિ ધોરણઃ–૮–વડોદરા.**

શ્રી ગંગાજીમાં સ્નાન કરવાની તેમજ પૂ.શ્રી ગુરુદેવ પ્રભુએ જે સ્થાળોએ સાધના કરી હતી, તે જોવાની તીવ્ર ઇચ્છા હતી,

પણ તે સાકાર થતી નહતી. પરમપૂજ્ય માની કૃપાથી ૨૦/૧૦/૦૯ના દિવસે થઇ. અમે ૧૬ બાળકોને સ્નેહલભાઇ, અશ્વિનભાઇ, આશિષભાઇ સાથે હરિદ્વાર યાત્રાએ ૧૬ દિવસ મોકલવામાં આવ્યા. ખુશીનો પાર ના રહ્યો કારણકે પ.પૂ.માના આશીર્વાદ સાથે એક પણ પૈસાના ખર્ચ વગર આ યાત્રામાં જોડાવવાનું હતું. આ યાત્રામાં પ્રભુના બધાં સાધના સ્થળો જોયાં પણ સાથેસાથે હરિદ્વાર દર્શન, ઋષિકેશમાં બોટિંગ, મસૂરી જેવા મોંઘાદાટ હવાખાવાના સ્થળની મુલાકાત તેમજ જયપૂર જેવા ગુલાબી સ્થળની પણ સફરમાં પ.પૂ.મા એ અમારા ઉપર સતત આશીર્વાદ વરસાવ્યા. અમે શ્રીમધુભાઇ પરિવારના ખૂબ જ આભારી છીએ જેમણે આ યાત્રાનો ખર્ચ ઉપાડયો. મા તારા ચરણે કોટિકોટિ પ્રણામ.

(ક્રમશઃ)

# My Experiences with MAA

**Swati Chandu (Bhakta) Patel**

Jai Krupalu MAA.

When talking about Maa it's difficult for me not to tear up; I am not sure why (I am not an emotional person) but something just occurs inside me and the tears start rolling. I am a type of person who has always had a difficult time allowing myself to cry, but when I am around Maa, it's natural to cry...maybe because it's Maa's love that makes me so happy that tears represent the love I feel in the air. Maybe it's my soul crying out of happiness to be near such a powerful being, we all know as Pujya Maa.

I have known Maa since my teenage years; I used to go with my parents as a young girl who at that time did not understand who Maa really was. I have been to Maa on and off for the last 15 years or so; but in the past few years I have really connected spiritually with Maa.

Growing up, I have always been a skeptic; I have experienced many saints and gurus through out my life, but I have never truly believed in their "powers" or insights to the purpose of life. I have tried to follow religion, but it never truly spoke to my soul. But for



some reason, Maa was always there to guide me even when I wasn't aware of it. My soul continued to search for spiritual awakening.

So a few years back, I decided to visit Maa in Brownsville, Texas. I really don't know what made me go, I just know I wasn't satisfied with my journey for spirituality. I experienced the strangest things in Brownsville. I went with my sister, Bindiya, and we usually sat right next to each other through out the trip. During this trip, I was bitten by many mosquitoes and had a third degree reaction to the bites where the bites had swollen up into at least quarter–size bumps (I have been bitten many times in my life, but I never had such a reaction) and Bindiya did not have one bite:) Another interesting event that happened during this trip was that Maa had decided to act as if she did not recognize me, but knew exactly who Bindiya was. Maa asked if Bindiya came alone as I was standing right next to her. Bindiya had replied that she came with "Ben" meaning sister and Maa still acted as if she did not know me and asked me what my name was and called me another name that started with an 'S'. Keep in mind that both my parents have been following Maa many years and Maa knows them very well. Maa also gave Bindiya some books to read while again I was ignored.

I felt that all these events that occurred during this trip were a test to see how serious and able I was to listen to what my soul was wanting. Typically, I would be turned off by all of this, but for some reason, I listened to my soul...my soul that was crying for Maa, my soul that knew Maa's strength and love, my soul that finally felt free and awakened.

Just remember not to let spiritual tests discourage you from your true journey; be open and listen to what your soul is asking you to do.

Soon after our Brownsville trip, Bindiya and I took a few more trips to visit Maa and one of them led us to Swargarohan. There were so many wonderful things we experienced at Swargarohan that it is difficult to describe with words. One has to be at Swargarohan in order to understand the beauty of giving and to understand peace and love of life. There are a few things that I do want to share that have stuck with me or that have touched me deeply.

Some of us had the opportunity to visit the villages where we distributed rice and flour to those most in need. There I met a nine–year–old girl who had lost her parents and she had become the caregiver to her four younger siblings. I was touched by this and had wanted to give by donating and Maa took



responsibility for seeing that she receives appropriate help. Earlier this week someone who recently came back from Swargarohan spoke of this same young girl who is now 12 and with Maa's blessings, we continue to help her and her family.

Another moment that will never leave me is during the medical camp. There are so many people that come to this camp in need of help. One volunteer was speaking to a lady with such disrespect and because I was truly bothered by this, I turned to my sister to mention to her that if Maa knew, she would not approve. As I turned my attention back to the lady and the volunteer, Maa appeared from nowhere. I had barely finished my sentence and there was Maa to make sure everyone at the medical camp, regardless of their medical need, were treated equally; Maa made sure that everyone was treated as any other human being would be treated regardless of there status. This moment made me realize that I was right to have listened to what my soul was trying to tell me all these years–that Maa is something special. Maa enforced all that was important to me and gave meaning to my beliefs.

One last thing I wanted to share was the most amazing act I have ever witnessed. At Swargarohan,

there were many volunteers, but a group of volunteers that made the weeklong camp so special were the group that created custom–fit limbs for those in need. Maa thanked these special souls by bowing down to them in front of everyone. The same Maa that we all cannot wait to kneel to for blessings had kneeled to them in the dirt. This act was the most incredible moment that I have ever experienced. I have been around many gurus and saints; I met some that have taken advantage of people. There are many "gurus" who are very selfish and love the power, attention, and sometimes even the money. Yet, I have never met someone like Maa. Maa is the true meaning of love, happiness, peace, and unselfishness. Who knows of any other guru that can do such a thing? That moment has forever been engraved in my mind and heart.

Maa has always been in my life since I was a young girl, but I never knew her like I do now. Maa has guided me throughout my life without knowing at times. I am so blessed to have her guidance and love. Maa is pure love and I am so lucky to be around her. Just last week my husband was "born" as Maa said.

My husband knew of Maa through me, but had never met her until now. He knew very little about Maa; the main thing he knew was that Maa was the



reason we had waited longer than we wanted to get married. But the second he met her, he knew what it meant to be at peace and felt the love that Maa had of offer.

Thank you Maa, for helping Snehal feel the connection right away. Thanks to Maa we have the ability to grow together spiritually. Now we can share something very precious to both of us, Maa.

નફરત આત્માને ધીરેધીરે ખલાસ કરી નાખે છે. તેથી કોઈના પ્રત્યે નફરતનો ભાવ ન રાખો.

શ્રી યોગેશ્વર કૃપા

**a સદીપ વેલ્ડીંગ વર્ક્સaa**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪

# પૂ. માની નિત્યનોંધ

મા સર્વેશ્વરી

**તા. ૩–૧૨–૦૭ મહાબળેશ્વર**

આ સ્થાનમાં શા માટે શ્રી હરિ લાવે છે એની જાણ નથી પરંતુ આ વનરાજીમાંથી જે શાંતિ, હાશ પ્રગટે છે તેમાં પ્રકૃતિસ્નાન કરવાનો આનંદ આવે છે. માનવ જગતના પ્રશ્નોનો ઘોંઘાટ અહીં જોતા જ ઠરી જાય છે. સતત પ્રકૃતિને માણતાં રહેવાથી દર્શક પણ લીલોછમ બની જાય. જીવનની રણસ્થલી નંદનવનમાં પલટાઇ જાય.

ડીસેમ્બર ચાલે છે. યાત્રીઓની અવરજવર આ સ્થાનમાં નહીવત્ છે. જાણે મા માટે આ સ્થાન શ્રી હરિએ વરસોથી પસંદ કરેલું હશે. આર્યા નામ પણ સારું છે. શુદ્ધ શાકાહારી ભોજનાલય પણ સાથે છે. એટલે સહયાત્રીઓને પણ શાંતિ છે.

આજે ૩૪૪ માળા થઇ ગઇ છે. જાણે માળા થઇ જવી એ દરરોજના જીવનનું એક મોટું ને મહત્ત્વનું કાર્ય. ગણત્રીની માળા થઇ જવી એ જાણે પરાક્રમ.

મનને અનેકવિધ કાર્યો હોય. ઉઠે એટલે કંઇ સતત હરિનામે જ શ્વાસ મઢે એવું નથી. નિત્યના કર્મોમાં મન તો જાય જ ને! જેમ કે પથારીમાં જાગ્યા એટલે શ્રી હરિને એક વંદન. પછી મન તરત જ સ્મરણ યાત્રા શરૂ કરે. શાની? સ્નાનની, પ્રણામની, પાઠની, અને એ મનની આસપાસ રાસ રમતા સ્વજનોની. હા, આ મા પણ એમના ઓરડામાં મંજુલાબેન કે નિર્મલ આવે તેને પૂછતાં રહે. શું પૂછે? બધા ઉઠ્યા? બધાને ગરમ પાણી સ્નાનનું મળ્યું? આજે બધાનો શું કાર્યક્રમ છે? પ્રાર્થના કરી? નાસ્તો કર્યો?



શાનો કર્યો?

સાવ સામાન્ય પ્રશ્નો સહયાત્રી વિશે પણ માનું મન પૂછતું રહે છે. મા પોતાની એ ફરજ છે એવું માને છે. પ્રેમ છે તો પૂછે છે. પૂછવું જરૂરી હશે તો પ્રભુ પૂછાવે છે.

અને તે પછી મંત્રજપ પ્રારંભ પામે. જગત આખું પોતાનું પેટ ભરવા પરિશ્રમ કરે. કેટલાક પરિશ્રમ કરીને નિવૃત્તિનો આનંદ માણવાનો હોય તો તે નિવૃત્ત રહે. મા પણ પરિશ્રમ કરે જ છે. મંત્રજપની માળાનો, ગણત્રી કરીને જપવાનો. જેથી મનને નિયમિત જપવાની ટેવ પડે. અને સાંજને છેડે ડાયરીમાં લખતાં ફાવે કે આજનો હિસાબ આ રહ્યો; જોઇ લો, જેને જોવું હોય તે જોઇ લો.

રાતે આપણે તો ઊંઘી જઇએ, પણ પ્રભુ તો જાગતા જ હોય. એમને મધરાતે કે મળસ્કે કે મધ્યાહ્ને માની ડાયરી વાંચવી હોય, હિસાબ જોવો હોય તો સરળતા રહે. માટે જેવી ૩૩૪ માળા થઇ જાય એટલે નોંધી જ દેવાનું બને છે.

આ માના ઓરડાના પલંગમાંથી સતત પ્રકૃતિનું રસપાન થયા કરે. અને પ્રકૃતિ પણ પોતાના સૌંદર્યથી, પોતાની શાંતિથી દર્શકને ભરી દે. શાંત, સ્થિર, ગંભીર, વનરાજી જાણે સૌને એનો આગવો સંદેશ ધરી રહી છે.

દરરોજ એક જ પક્ષી સતત એક સરખો મંત્રજપે. જેમાં ૐ ૐ જોડી દઇએ તો તે પક્ષીનો વિક્ષેપ ના નડે. પક્ષી પોતે જપે ને સાંભળનાર પાસે પણ જપાવે. જાણે એ પક્ષીને પ્રભુએ જ મોકલ્યું હોય તેમ નિયમિત પોતાના કંઠે હરિગુણ ગાઇને જાણે નિત્ય પૂજા કરી લે છે.

આજે નિર્મલનો પગ સત્યાગ્રહ કરી રહ્યો હતો. ચાલવાનો

વ્યાયામ જરૂરી હતો. ચાલો મા પણ કંપની આપે. ચાલવા જઈએ. બધા જ ચાલો. અને એમાંથી જવાના હતા સરોવર બાજુ, પણ પહોંચ્યા બજાર બાજુ.

વિવિધ દુકાનોનું બજાર. બજારમાં પણ નહીંવત્ અવરજવર. અહીં યુવાન બેનો મોટે ભાગે દુકાનમાં કાર્યરત જોવા મળે. કેટલીક જગ્યાએ વૃદ્ધો પણ સંભાળતા હોય છે. અહીં આવો એવો કોઈ આગ્રહ કરીને ઘોંઘાટ ઊભો નથી કરતા. જેને આવવું હોય તે આવે ને જવું હોય તે જાય. કોઈ દુકાનદારો પાછળ પડીને આગ્રહ પણ નથી કરતા. એક રીતે ગ્રાહકોને સ્વતંત્રતા ને શાંતિ મળે.

આજે બજારમાં મા પણ કેટલીક દુકાનોમાં ગયાં. સહજ રીતે થેલી અને કપડાની દુકાનમાં જોઈ લીધું. અરે, સફેદ ટોપી અને થેલી પણ ખરીદી. જે જરૂરી છે, જે ગમ્યું છે તે લીધું છે.

બજાર અહીંથી ૧૫ મિનિટ દૂર છે. રસ્તા ચઢ ઉતર કરાવે તેવા. સરસ વ્યાયામ મળે. જીવનની ચઢાવ અને ઉતરવાનું સ્મરણ કરાવે તેવા. માર્ગમાં પણ સલામતી છે. સતત આસપાસ જંગલ છે. અહીં વૃક્ષો બધાં જ ખૂબ જૂનાં, આડા અવળાં અને ખાધે પીધે સુખી એટલે કે આરામ ખુરશીમાં કે પલંગમાં હાથ પગ લાંબા કરીને સૂતેલા માનવો જેવાં. બાળકોને આંબાપીપળી જેવી રમત રમવાની સુવિધાવાળાં, નીચા ને ચઢી શકાય તેવાં. વૃક્ષો પોતાની કાયાથી બાળજગતની પણ સેવા કરી લે છે. નીચાં વૃક્ષો હોય તો સરળતાથી બાળકો ચઢીને નીચે કૂદકા મારીને કૂદી શકે.

ભારતીબેને બજારનો રસ્તો જોયો હતો એટલે જાણે આજનાં તે માર્ગદર્શક હતાં. ત્રણ ચાર માર્ગ ફંટાય છે. ભોમિયા વિના



બીજી જ જગ્યાએ પહોંચી જવાની શક્યતા ઘણી. બજારના સામાન્ય માર્ગમાં પણ જાણકાર જરૂરી છે તો જીવનબજારના માર્ગમાં સદ્ગુરુની કેટલી બધી આવશ્યકતા હોય તેનો ખ્યાલ આવે. રાહબર સારા અને સાચા ના મળે તો જીવન ગલીકૂંચીમાં જ અટવાઈ જાય, સારો ને સાચો રસ્તો મળી જાય તો જીવન ધન્ય બની સાર્થકતાનું ગીત ગાતું થઈ જાય.

માનું સદ્ભાગ્ય છે કે તેને શ્રી હરિનો સંગાથ સાંપડ્યો છે. હે હરિ, આપનો એ ઉપકાર અનંતજન્મે ના ભૂલાય તેવો છે. પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ.

(ક્રમશઃ)

ભક્તો ઊભા થશે તો 'મા' ચાલશે ને ભક્તો ચાલશે તો 'મા' દોડશે. —મા

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**n સ્થાપત્ય કન્સ્ટ્ક્રશ્ન n**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,

**મોરબી**—૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# વિદેશની ધરતી પર પૂ. માની યાત્રા

મા સર્વેશ્વરી

### ટોરન્ટોથી હેલીફેક્ષ તા. ૧૩–૭–૦૮

યાત્રા આરંભ થશે કેનેડાની. જીવનની યાત્રા તો ૬૫ વરસથી દરરોજ ચાલે છે. ને અનંત જન્મોથી અનેક શરીરોમાં યાત્રા થતી રહી છે. આ શરીરે આ યાત્રામાં શ્રી ગુરુભગવંતને પામ્યાં તો આ જીવનયાત્રા સફળ, ધન્ય, કૃતકૃત્ય થઇ ગઇ છે.

આ યાત્રામાં શ્રી ગુરુભગવંતને પામીને જીવનયાત્રા નિત્ય નવા સોનેરી પ્રભાતમાં પ્રારંભ પામે છે. સંનિધિ સુખનો આ સંસ્પર્શ અનંત જન્મોને પલટાવનારો સાબિત થયો છે. એ સંસ્પર્શ અખંડ રહો એવી નિત્ય પ્રાર્થના કરવા જેવી છે.

આ કેનેડાની ધરતી ઉપર આ યાત્રા અચાનક ગોઠવાઇ છે. બેન પૂજાની ઈચ્છા હતી કે વેકેશનમાં મા મારી પાસે આવે. અમે ૭, ૮, ૯ બેનપણીઓ મા પાસે જ રહીએ. બસ પૂજાનો આ નાનકડો વિચાર કેનેડાની યાત્રા માટેનું કારણ બની ગયો.

બ્રાઉન્સવીલનો પેલો નાનકડો અચ્યૂત એની માતાને પૂછે આ વેકેશનમાં મારાથી મા પાસે રહેવા જવાય!—જાણે અચ્યૂતની પ્રાર્થનાનો જવાબ આ યાત્રા આપી રહી છે.

અનેકનાં ભાગ્ય આ યાત્રા માટે હશે. જે જે પસંદ થયા છે તે તે કોઇક સત્કર્મના ફળ રૂપે જ હશે. પ્રભુની યોજના માત્ર પ્રભુ જ જાણે છે, અને તે યાત્રા મંગલમયી જ હશે. ''હરિ કરે તે મમ હિતનું'' એ સૂત્ર જ યાદ રાખવા જેવું છે.

ભારતમાં પેલા ૫ કૃપાપાત્ર યુવાનો સરસ રીતે હિમાલય



યાત્રા કરી રહ્યા છે. દરેક પગલે જાણે રક્ષા થઇ રહી છે. દરરોજના કેટલા બધા માઇલ ચાલી શકે છે! જાણે શક્તિ સ્વરૂપ એમના પગમાં આવીને વસી ગયું છે. જાણે વરસોથી યાત્રા કરતા હોય એવું અનુભવે છે. હે પ્રભુ, આપ એ પાંચની સાથે જ છો. કારણ દેવપ્રયાગથી જ યાત્રા પ્રારંભ કરી છે. સાથે જ રહીને સર્વ સાત્ત્વિક સપનાં પાર પાડજો.

આ કેનેડાની યાત્રા તો પ્લેનમાં ને બસમાં થવાની છે. આજકાલ મા વધારાના પ્રણામ કરી લે છે. આજે તો આ દેહથી ૫૬૦ પ્રણામ થયા છે. જેથી યાત્રામાં થોડા ઓછા કરવાના રહેશે.

આ દેહથી જે જે સાત્ત્વિક ઇચ્છા જાગે છે તે તે હે હરિ, આપ સત્વરે પૂર્ણ કરો છો. જો ૧૦૦૦ પ્રણામની ઇચ્છા જાગે તો ૧૦૦૦ પ્રણામ કરાવી લો છો. કોઇક જરૂરિયાતની વસ્તુની ઇચ્છા જાગે તો તે તે વસ્તુ સામેથી અપાવી દો છો. અરે, કોઇકને ફોનથી મળવાની, કોઇકને વાણીની હૂંફ ધરવાની, કોઇકની પડખે પડછાયો બનીને ઊભા રહેવાની ઇચ્છા જાગે, તો તે પણ હે હરિ, આપ જ સત્વરે પૂર્ણ કરી દો છો.

આપે જાણે આપના અંગત કામ માટે માને પસંદ કરી લીધા છે. બધી જ યોજનાનું સાધન માને બનાવીને આપ ઘણાં ઘણાં કાર્યો કરી લો છો, શું જગતને એવું કહેવા માંગો છો કે માનવદેહ, અનાજ વગર શું શું થઇ શકે? કેવા જપ? કેવી યાત્રા? કેવી ઉપવાસની સાધના? કેવી મૌન યાત્રા?

જે બતાવવું હોય તે બતાવજો, પણ માત્ર માને જ સાધન બનાવજો. માને જ તમારા અંગત કાર્યાલયમાં પસંદ કરજો. આપની બધી યોજનાનું અંગ બનવાની શક્તિ આપ જ આપજો.

ના ધારેલું, ના કલ્પેલું ના કદી થયેલું. સર્વ સાત્ત્વિક ભાથું આ જીવનમાં બંધાવજો. પોતાના માન્યા છે તો અનેક જન્મો—અનંત જન્મો—સાથે જ રાખજો. પાસે જ રાખજો. અંકમાં જ લેજો. અખંડ દર્શન સુખ દેજો. અખંડ સંનિધિ સુખ દેજો. આ આંખ આપના જ પ્રત્યેક પલકારે દર્શન કર્યા કરે. આ હાથ આપના જ ગુણગાન લખ્યા કરે, પ્રણામ કર્યા કરે, આ પગ આપના જ તીર્થદર્શન કર્યા કરે, આ મન આપનું જ ચિંતન કર્યા કરે. બસ, હે મારા નાથ,આપ જ અમારું સર્વસ્વ બનજો.

યાત્રા આજથી પ્રારંભ પામશે. સર્વ પ્રકારે રક્ષા કરજો. જન્મોજન્મ રક્ષક બનીને સૌને મળજો. સૌ આપના જ છે. આપને જ મળવા, શોધવા નીકળ્યા છે. પૃથ્વીપટે આપે જ મોકલ્યા છે તો આપ જ તરત જ મળી જજો. અજાણી આ વાટે અમે વળી ક્યાં શોધવાના? અમારામાં તાકાત જ ક્યાં છે? કૃપા કરી, દયા કરી સામેથી આપ જ મળી જજો. પોતાના પ્રિય બાળને માતા પણ શોધી જ લે છે ને! એ રીતે શોધી લેજો અમને. અંકે લેજો, અમને રમાડજો, જપાવજો, તપાવજો, પોઢાડજો અને જગાડજો. મા બનીને વહાલથી વધાવજો.

આજે નિર્જળા, તે પણ આપ સહજ રીતે રમતાં રમતાં વ્રત શરૂ કરાવો છો ને પૂર્ણ પણ કરાવો છો. એનો તલમાત્ર પણ ભાર લાગવા દેતા નથી. અરે, ભૂખ તરસની સંપૂર્ણ વિસ્મૃતિ. બધી જ પ્રવૃત્તિ અતિ નિયમિત થયા જ કરે. નિર્જળા વ્રત ક્યાંયે કદી માને નડતું નથી. જાણે સહાયક બનીને પ્રભુ પોતે જ એનો ભાર ઉપાડી લે છે.

ભાઈ વિકાસ, રૂપલ, અમરકુમાર મુન્ની, નીલ, પ્રિયા, રાજુભાઇ—જ્યોત્સ્નાબેન, જયંતિભાઇ, ઉર્મિલાબેન સૌ મળે છે, યજમાન દંપતિ તો છે.



બધા જ મા માટે જાણે શ્રદ્ધાભક્તિ અને પ્રેમના દીવડા પ્રગટાવીને, માને જાણે વીંટળાઇ વળ્યા છે.

આ બધાં પ્રેમાળ પાત્રો માત્ર મા માટે આવ્યાં છે. મા પણ એ સૌ જોડે ૧, ૨ વાક્યની વાતો લખીને કરી લે છે.

બેન જ્યોત્સ્ના કેન્સરના મહારોગથી ઘેરાયેલી છે છતાં વીરનારીની જેમ હસતાં હસતાં ઝઝૂમી રહી છે. એમની હિંમત, એમની શ્રદ્ધા, એમની રોગને હરાવવાની—રોગને હસી કાઢવાની પ્રવૃત્તિ સાચે જ અભિનંદનીય, પ્રેરક અરે, વંદન કરવા જેવી છે.

એમના આંગણે સત્સંગ હતો તો જ્યોત્સ્નાબેને ભજન ગાયું. વાણી તો વિદાય થઇ ગયેલી પાછી વાણીનું દાન પ્રભુએ ડોક્ટરોની સહાયથી પ્રસાદમાં દઇ દીધું છે. અહીં સ્પષ્ટ ઉચ્ચારથી ભજન સૌ સાંભળે છે, ઝીલે છે. જાણે વાણીનું વરદાન પ્રભુના ગુણગાન ગાઇને સાર્થક કરે છે.

એ જ રીતે બેન અંજુ પણ અડગ શ્રદ્ધાભક્તિથી લડતા લડતાં, રડતાં રડતાં, ભક્તિભાવથી પ્રભુનું ગૌરવગાન ગાતી વીરાંગના જ છે. ટોરન્ટોનાં એ બન્ને પાત્રો જાણે સિંહણ બનીને શોભી રહ્યાં છે.

બેન ઉર્મિલા—જયંતિભાઇ પાછા જાણે ઘણા વરસ પછી હેમલ સ્નેહલના જગાડ્યા જાગીને મા પાસે પાછા દોડતાં થઇ ગયાં છે. એ ભક્ત દંપતિ હમણા જ ભારતની યાત્રા કરીને આવ્યાં છે. બન્ને પ્રેમાળ, શ્રદ્ધાળુ પાત્રો છે.

બેન રૂપલ અતિ નિયમિત અહીં ૭, ૮ કલાક આવે છે. સહાયક સ્વજન બની વિકાસની ઉદારતાનો લાભ લે છે. તો બેન

મુન્ની પણ શ્રી ગુરુભગવંતના એક સાથે ૮૮ સ્વરૂપોનું દર્શન થઇ શકે તેવું ફેમીલી ટ્રી શોધી લાવી છે. બેન મુન્ની ૧૦, ૧૨ વરસની નાનકડી ઉંમરથી એ પોતાની નાનકડી આંખથી માને માણ્યા કરે છે. શ્રદ્ધાભક્તિ સેવાથી છલકાતી મલકાતી મુન્નીને રૂપલ જાણે માને સખી સ્વરૂપે મળી છે. વિમળાબેન સુરેશભાઇ પણ વડીલ સ્વજન બનીને જાણે માની માવજત જતનથી કરી રહ્યાં છે.

સર્વ સ્વજનો અનુકૂળતાનો અર્ઘ્ય સતત ધર્યા કરે છે. હે હરિ, એ સૌનું સર્વ પ્રકારે મંગલ કરજો, કલ્યાણ કરજો, સુખી કરજો, શાંતિ આપજો.

યાત્રાના આરંભે આ યોજનાના પડદા પાછળ જે જે પાત્રો પરિક્રમની માળા જપી રહ્યા છે તેમનું સ્મરણ પણ અત્યંત જરૂરી છે.

શ્રી જગુભાઇ આખી યોજનાનો ભાર પોતાના ખભે ઉપાડીને યાત્રાને સફળ બનાવી રહ્યા છે. તો વળી પ્રભુભાઇ રૂક્મણીબેન મા અન્નપૂર્ણાના સેવકો બની દિવસોથી યાત્રામાં સ્વચ્છ, પવિત્ર, ઘરનું, તાજું ભોજન આપવાનો પરિશ્રમ મૌન બની ઉપાડી રહ્યા છે. જાણે યાત્રીઓની માતા બનીને સૌના આરોગ્યના રક્ષક બની જશે.

એજ રીતે અનિલભાઇ, ઉમેશભાઇ, રંજનબેન, ધ્રુવ, અર્જુન, સરોજબેન આ પરિવારના પાત્રો કોમ્પ્યુટરની સેવા કરી રહ્યાં છે. યાત્રીઓને શર્ટ આપવાનાં તેના ઉપર યાત્રાનું પ્રતિક પ્રીન્ટ કરવાનું, શર્ટ ખરીદવાનાં, પ્રાર્થનાની બુકસ, લીલામૃતની બુકસ છાપવાની, યાત્રામાં વીડીયો પ્રોજેક્ટર સાથે લઇને વીડીયો બતાવવાની, અરે, બાળકોને ચોકલેટ, બીસ્કીટ, જ્યુસનો પ્રસાદ આપવાની, તેને ખરીદવાની આ બધી જ સેવા આ પરિવાર ઉપાડી રહ્યું છે.



તો શ્રીનિર્મલ માના ફળાહારનો વિભાગ સંભાળી મા માટેનું નાનકડું હરતું ફરતું રસોડું ગોઠવી રહ્યાં છે. માઇક્રો ઓવન, જ્યુસર, ફળોનાં બોક્ષ, વાસણો, નેપકીન, અરે, માના પલંગની રોજરોજ નવી ચાદરો, કવરો, ઓશીકાં, અ–ધ–ધ–ધ જાણે નાનકડું ઘર જ નિર્મળ યાત્રામાં સજાવી શકે એવી ભારે તૈયારી કરી લીધી છે.

તો વળી ન્યુજરસીમાં બેઠાંબેઠાં શ્રી સરોજબેન વિનોદભાઇ યાત્રીઓના એરલાઇનના બુકીંગની, યાત્રાના વિશ્રામની જાણ અનેક ફોન કરી કરી ને અમેરિકાથી આવનાર વિદ્યાર્થીઓને તેના વાલીઓને એક સૂત્રે બાંધી લેવાની પ્રયત્નો કરી રહ્યા છે. ભાઇ પંકજ પણ પોતાની રીતે પડ્યે ઉભો છે.

આ સર્વ પડદા પાછળના પાત્રોને આ યાત્રામાં મૌન રહીને પરિશ્રમની મંત્રમાળા શ્રી હરિએ જ પાળી લીધી છે.

માની તો એજ પ્રાર્થના છે કે આ બધા જ બાળકો જાણે આપનો પ્રાઇવેટ–અંગત સ્ટાફ બનીને જે માની આસપાસ ૨૪ કલાક ખડેપગે ઊભા છે તે સર્વનું હે પ્રભુ, તું જ ધ્યાન રાખજે. તેમનાં જીવન સર્વપ્રકારે પ્રભુમય કરજે. એમના જીવનને પરમઆનંદ, નિશ્ચિતતાથી ભરીને પ્રભુ પરાયણ કરી દેજે. અને દરેક યાત્રામાં એ સૌ પડદા પાછળ જ રહીને સેવા કરી શકે. નમ્રતા ને પ્રેમનો, મૌનનો ને સંપનો સંદેશ સૌને ધરી શકે, એવી કૃપા કર જે.

હા આ સૌના ઋણનો, સેવાનો સ્વીકાર કરી તે સૌનું સ્મરણ કરી હવે યાત્રા પ્રારંભ થઇ રહી છે.

(ક્રમશઃ)

# જ્ઞાન અને વ્યવહાર

મહાત્માશ્રી યોગેશ્વરજી

રામકૃષ્ણ પરમહંસદેવના યોગમાર્ગના મહાન ગુરુ તોતાપુરી.

એ મહાન યોગી પુરુષના જીવનની વાત છે.

રામકૃષ્ણ પરમહંસદેવ પ્રત્યેના પ્રેમભાવથી પ્રેરાયને એ લાંબા વખતલગી કલકત્તાના સુપ્રસિદ્ધ ગંગા તટવર્તી સ્થાન દક્ષિણેશ્વરમાં રહ્યા તે દરમિયાન પંચવટીમાં વૃક્ષની નીચે જ બેસી રહેતા. તે ત્રણે કાળમાં એક પરમબ્રહ્મ વિના બીજા કશાના અસ્તિત્વને માનતા નહિ. ને કહેતા કે જગત થયું જ નથી. તથા છે પણ નહિ, એનું દર્શન કેવળ ભ્રાંતિ અથવા અજ્ઞાનનું જ પરિણામ છે. એ તદ્દન નગ્ન રહેતા ને પોતાના આસન આગળ ધુણી રાખતા.

યોગની ઊંચામાં ઊંચી અવસ્થાએ પહોંચેલા હોવા છતાં એ વહેલી સવારે રોજ ધ્યાનમાં બેસતા તે જોઇને રામકૃષ્ણદેવે એકવાર એમને પૂછ્યું કે, આવી ઉચ્ચ દશાએ પહોંચ્યા પછી પણ રોજ નિયમિત રીતે ધ્યાનમાં બેસવાની જરૂર રહે છે?

તોતાપુરી એ વખતે ધ્યાનમાંથી ઊઠીને પિત્તળનો લોટો ઘસી રહેલા. એમણે ઉત્તર આપતાં કહ્યું, 'આ લોટાને રોજ રોજ ના ઘસીએ તો તે મેલો થઇ જાય, તેવી રીતે મનને પણ રોજ સાધનાપરાયણ રાખવું જોઇએ, નહિ તો તે મલિન બની જાય છે.'

'પરંતુ લોટો પિત્તળને બદલે સોનાનો હોય તો? તો તેને રોજેરોજ ઘસવો પડે?'

રામકૃષ્ણદેવનો પ્રશ્ન સાંભળીને તોતાપુરી નિરૂત્તર રહ્યા.

પરંતુ તોતાપુરીનું મન હજુ સોનાના લોટા જેવું વિશુદ્ધ નહતું થયું. એની પ્રતીતિ કરાવતો એક પ્રસંગ થોડા વખતમાં જ ઊભો થયો.



રામકૃષ્ણદેવ તોતાપુરી પાસે બેઠેલા. તોતાપુરી સવારના શાંત વાતાવરણમાં કહેતા હતા કે જે કાંઇ દેખાય છે કે અનુભવાય છે તે બ્રહ્મ જ છે, બ્રહ્મ વિના બીજું કાંઇ છે જ નહિ.

તે સાંભળીને પરમહંસદેવે પૂછ્યું કે બધું બ્રહ્મ છે? તો તોતાપુરી બોલ્યા કે મારા અનુભવના આધાર પર કહું છું કે બધું જ બ્રહ્મ છે.

એટલામાં તો કોઇક હલકી જાતિના માણસે આવીને તોતાપુરીની ધૂણીમાંથી અંગારા લઇને પોતાની ચલમ ભરવા માંડી.

વાત ઘણી સાધારણ હતી પરંતુ એ જોઇને તોતાપુરી રોષે ભરાઇ બોલ્યા, અરે મૂર્ખ, તેં મારી ધુણી અભડાવી નાંખી? હવે તને એનો દંડ આપ્યા વિના નહિ છોડું.

પેલો માણસ ભયનો માર્યો નાસવા માંડ્યો.

તોતાપુરી હાથમાં ચિપિયો લઇને, રૌદ્ર રૂપ ધારણ કરીને એની પાછળ પડ્યા.

એ જોઇને રામકૃષ્ણદેવ બોલ્યા, 'અરે, આ શું થયું? હમણાં તો તમે કહી રહેલા કે જે દેખાય કે અનુભવાય છે તે બ્રહ્મ જ છે. અને હવે આ માણસની પાછળ ક્રોધે ભરાઇને દોડવા ક્યાં લાગ્યા? બધું જ બ્રહ્મ છે તો શું બ્રહ્મ બ્રહ્મની પાછળ દોડી રહ્યા છે?'

એ સાંભળીને તોતાપુરીએ સંકોચમાં પડીને દોડવાનું બંધ કર્યું.

ચિપિયો નીચે મૂકીને, ધૂણી પાસે બેસીને એ કહેવા માંડ્યા. 'તે ઠીક કહ્યું. મારે આટલો બધો ક્રોધ ના કરવો જોઇએ. શાસ્ત્રે કહ્યું છે કે મન તથા ઇન્દ્રિયો બહુ બળવાન છે. તે વિદ્વાનોને પણ પોતાના પ્રવાહમાં તાણી જાય છે, તે સાચું જ છે. મારામાં હજુ એટલી કચાશ છે.'

તોતાપુરી નિખાલસ મનના હોવાથી એટલું સ્વીકારી શક્યા.

એ જોઇને રામકૃષ્ણદેવનો એમને માટેનો પ્રેમભાવ વધી પડ્યો.

(ક્રમશઃ)